# આત્મધર્મ

## વર્ષ ૨૫

## સળંગ અંક ૨૯૩

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | June 2005 | First electronic version. |

卐 રજતજયંતિનું વર્ષ 卐

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૩




**સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજનો એ ધન્યદિવસ છે કે જ્યારે ભરતક્ષેત્રના સાધકભક્તોની વિનતિથી વિદેહક્ષેત્રના વહાલા સીમંધરનાથ સુવર્ણપુરીમાં પધાર્યા...ને મહા ઉપકાર છે એ સન્તોનો-કે જેમના પ્રતાપે આવા કળિકાળમાંય ભગવાન ભેટયા.**

卐 卐 卐

તંત્રી : જગજીવન બાવચંદ દોશી * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૪ ફાગણ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૫ : અંક ૫

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)




**પૂ. ગુરુદેવ-જેઓ આપણને આત્મવૈભવ દેખાડી રહ્યા છે.**

**ગયા અંકમાં જીવાભાઈ અને અત્તાભાઈએ જેની ચર્ચા કરી હતી તે 'આત્મવૈભવ' પુસ્તક આપે મંગાવ્યું ?**

卐

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

दंसण मूलो धम्मो
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૪
ફાગણ

* વર્ષ ૨૫ : અંક ૫ *

# પરમાનન્દ-પ્રાભૃત

[–જેના દ્વારા જિનભગવાને ભવ્યજીવોને માટે પરમઆનંદ મોકલ્યો છે.]

'कषायप्राभृत' **ની મહાન ટીકા** जयधवला**માં આચાર્ય શ્રી વીરસેનસ્વામી કહે છે કે** "परमानन्द और आनन्दमात्रकी 'दो ग्रन्थ' यह संज्ञा है किन्तु यहां परमानन्द और आनन्दके कारणभूत द्रव्योंको भी उपचारसे 'दो ग्रन्थ' संज्ञा दी है। उनमेंसे केवल परमानन्द और आनन्दरुप भावोंका भेजना बन नहीं सकता है, इसलिये उनके निमित्तभूत द्रव्योंका भेजना दोग्रन्थिक–पाहुड समझना चाहिए। परमानन्दपाहुड और आनन्दपाहुडके भेदसे दोग्रन्थिक पाहुड दो प्रकारका है। उनमेंसे केवलज्ञान और केवलदर्शनरुप नेत्रोंसे जिसने समस्त लोकको देखलिया है, और जो राग और द्वेषसे रहित है ऐसे जिनभगवानके द्वारा निर्दोष श्रेष्ठ विद्वान आचार्योंकी परम्परासे भव्यजनोंके लिये भेजे गये बारह अंगोके वचनोंका समुदाय अथवा उनका एकदेश परमानन्द दोग्रन्थिकपाहुड कहलाता है। इससे अतिरिक्त शेष जिनागम आनन्दमात्र पाहुड है। **(જયધવલા ભા. ૧, પૃ. ૩૨૫)**

**વીરસેનસ્વામી આ કથનઅનુસાર સમયપ્રાભૃત તે પણ પરમાનંદપાહુડ છે... જગતના જીવોને માટે સર્વજ્ઞ જિનેન્દ્રભગવાને સન્તો મારફત આ પરમાગમદ્વારા પરમાનંદ મોકલ્યો છે. આનંદરૂપભાવ એકલો તો કઈ રીતે મોકલાય! એટલે જાણે તે આનંદને આ પ્રાભૃત–શાસ્ત્રોમાં ભરીને મોકલ્યો છે...તેથી પરમઆનંદનું નિમિત્ત એવું આ પ્રાભૃત તે પરમાનંદપાહુડ છે...ને તે આજેય આપણને પરમાનંદ આપે છે.**

# સમયપ્રાભૃતનું ફળ- પરમાનંદરૂપ ઉત્તમ સુખ

**( માહ વદ છઠ્ઠના રોજ સમયસારની ૪૧૫ ગાથા પૂર્ણ થઈ તે પ્રસંગે ઉપકારભાવના )**

શ્રી તીર્થંકરભગવાન અને ગણધરાદિ ગુરુઓના પ્રસાદથી શુદ્ધઆત્માનો ઉપદેશ પામીને, પોતાના શુદ્ધાત્માના અનુભવયુક્ત નિજવૈભવથી આચાર્યદેવે કહેલું આ સમયપ્રાભૃત એકત્વ–વિભક્ત શુદ્ધ આત્મા દેખાડે છે. જગતમાં સર્વોત્કૃષ્ટ એવો જે શુદ્ધ આત્મા, તેને દેખવા માટે આ સમયસાર અદ્વિતીય ચક્ષુ છે. સમયસારની અલૌકિક રચના પૂર્ણ થતાં છેલ્લે ૪૧૫મી ગાથામાં તેનું ઉત્તમ ફળ બતાવતાં આચાર્યભગવાન આશીર્વાદ સહિત કહે છે કે અહો! જે ભવ્યજીવ આ સમયપ્રાભૃતને ભણશે, અર્થ અને તત્ત્વથી જાણશે, અને તેના અર્થમાં (એટલે વાચ્યરૂપ શુદ્ધ આત્મામાં) ઠરશે તે જીવ સ્વયં પરમ આનંદરૂપ થશે, ઉત્તમસુખરૂપ થશે.

સમયસાર ઉપર આ ૧૫મી વખતનાં પ્રવચનો છે. પૂ. ગુરુદેવ સમયસારની શરૂઆત અને પૂર્ણતા–એ બંને વખતે અપૂર્વ ઉલ્લાસ અને આનંદનો દરિયો ઉલ્લસાવીને આપણને અધ્યાત્મરસમાં એવા તરબોળ કરે છે–જાણે આપણને સિદ્ધલોકમાં લઈ ગયા હોય,–કે સીમંધરનાથની સાક્ષાત્ વાણી સાંભળવા લઈ ગયા હોય! પહેલી ગાથા દ્વારા આત્મામાં અનંત સિદ્ધ ભગવંતોની સ્થાપના કરતાં આત્મા પરપરિણતિથી પાછો હઠે છે...ને નિજપદની પ્રીતી કરીને આગળ વધતો વધતો ૪૧૫ મી ગાથામાં પૂર્ણ આનંદરૂપે પરિણમી જાય છે...સમયસારનું આવું ઉત્તમ ફળ સાંભળતાં આત્મા ઘણો આનંદિત થાય છે. આપણા મહાન ધર્મભાગ્ય છે કે, માત્ર ૭૯ વર્ષ પહેલાં સાક્ષાત્ તીર્થંકરદેવ પાસે રહેલા પૂ. ગુરુદેવ પરમઅનુગ્રહપૂર્વક આપણને શુદ્ધઆત્મા આપે છે. બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદ ભગવાને સમયસાર દ્વારા જે શુદ્ધાત્મા દેખાડયો તે જ શુદ્ધઆત્મા કહાનગુરુ આજે આપણને દેખાડી રહ્યા છે; ને એ રીતે કુંદકુંદપ્રભુ સાથે ભાવની સંધિ કરાવી રહ્યા છે.

અહા, અત્યંત પ્રમોદપૂર્વક સમયસારની છેલ્લી ગાથા વાંચતાં ગુરુદેવ કહે છે કે– જગતને આનંદ જોઈએ છે, તે આનંદ કેમ પ્રાપ્ત થાય–તેની રીત આ સમયસારમાં બતાવી છે. આત્મા પોતે આનંદમય જ્ઞાનઘન છે; આવા આત્માનો પ્રત્યક્ષ અનુભવ

કરાવનાર આ સમયપ્રાભૃત જગતની આંખ છે. આ સમયસાર શુદ્ધઆત્માનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે. 'સમયસાર' પરથી ભિન્નતા બતાવીને, આત્માની સન્મુખ જોવડાવે છે, આત્માની સન્મુખ જોતાં જ મહાન અતીન્દ્રિય આનંદ અનુભવાય છે. આવા પરમ આનંદની પ્રાપ્તિ સહિત આ સમયસાર પૂર્ણતાને પામે છે. વાહ! કેવું અપૂર્વ મંગળ કર્યું છે!!

સમયસાર બધા શાસ્ત્રોથી ચડી જાય એવું અતિશયવાળું છે, અને તે આનંદમય પરમાત્મતત્ત્વનું દર્શન કરાવે છે; આનંદમય આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરાવીને કેવળજ્ઞાન ને પૂર્ણસુખરૂપ પરિણમન કરાવે છે. ભગવાન આત્માને દેખાડનારું આ ભાગવત–શાસ્ત્ર છે, તે પરમ આનંદનું દેનાર છે. જયધવલામાં વીરસેનસ્વામી કહે છે કે આ પ્રાભૃતદ્વારા કેવળીભગવાને જગતને પરમઆનંદની ભેટ આપી છે તેથી તેને परमाणंदपाहुड ( પરમાનંદપ્રાભૃત ) કહેવાય છે.

આ સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટ, તેના દ્વારા શુદ્ધાત્મા દેખાડીને આચાર્યદેવે ભવ્યજીવોને પરમઆનંદની ભેટ આપી છે.

અહો, સર્વજ્ઞદેવે અને સન્તોએ જગતને વીતરાગી આનંદ આપ્યો છે. તેમના કહેલા વીતરાગીશાસ્ત્રના અભ્યાસથી અવશ્ય આનંદ પ્રાપ્ત થાય છે; જ્ઞાન–આનંદથી ભરેલો એવો શુદ્ધ આત્મા આ શાસ્ત્રો બતાવે છે, તેથી જે જીવ શાસ્ત્રનું હાર્દ સમજે છે, ને તેના વાચ્યરૂપ શુદ્ધઆત્માને જાણે છે તે જીવને પોતાનો આત્મા પરમ આનંદસહિત અનુભવમાં આવે છે. શાસ્ત્ર કેવી રીતે ભણવાં ? તે પણ આમાં આવી ગયું–કે વાચ્યરૂપ એવા પરમાર્થભૂત શુદ્ધઆત્માની સન્મુખ થવું તે શાસ્ત્રભણતરનું તાત્પર્ય છે. શુદ્ધઆત્માની સન્મુખતાથી આત્મા સ્વયં પરમ આનંદરૂપે પરિણમે છે.

આ રીતે પરમઆનંદ–ઉત્તમસુખરૂપ ફળ સહિત આચાર્યભગવાને આ સમયપ્રાભૃત પૂર્ણ કર્યું છે. ગુરુદેવે એનું રહસ્ય સમજાવીને આપણને આ સમયપ્રાભૃત ભણાવ્યું છે ને આત્મિકઆનંદ આપ્યો છે...તેઓશ્રીનો મહાન ઉપકાર છે. આપણે સર્વઉદ્યમથી આત્માને આ શાસ્ત્રના વાચ્યરૂપ શુદ્ધાત્મામાં જોડીએ, ને શાસ્ત્રફળરૂપ પરમઆનંદરૂપ થઈએ. ( –બ્ર. હ. જૈન )

# દેહથી ભિન્ન અમૂર્તિક આત્મા

( લેખાંક ( ૨ ) ગતાંકથી ચાલુ )

**ચેતનસ્વરુપ અમૂર્ત આત્મા. જડ અને મૂર્ત એવા શરીરથી સર્વ પ્રકારે જુદો છે. માટે હે જીવ ! દેહની ચેષ્ટાઓને તારી ન જાણ; દેહથી પાર અંદરની ચૈતન્યચેષ્ટાને તારી જાણ. અશરીરી ચૈતન્યબિંબ આત્માને મૂર્તશરીરના સંબંધથી ઓળખવો તે તો શરમ છે.**

**'દેહભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો...' એવા આત્મજ્ઞાનપૂર્વકના ધ્યાનથી જ અશરીરી એવું સિદ્ધપદ પમાય છે. શરીરને આત્મા માનનારો જીવ દેહાતીત એવી સિદ્ધદશાના પંથને જાણી શકતો નથી.**

**પ્રશ્ન** :- ગોમ્મટસાર વગેરેમાં તો જીવને મૂર્ત પણ કહ્યો છે ને ?

**ઉત્તર** :- અશુદ્ધ પર્યાયમાં જીવને મૂર્તકર્મ સાથે નિમિત્તસંબંધ છે તેથી ઉપચારથી જ તેને મૂર્ત કહ્યો છે, તો પણ નિશ્ચયથી જેનો સ્વભાવ સદાય અમૂર્ત છે અને ઉપયોગગુણ વડે અન્ય સમસ્ત દ્રવ્યોથી જેની અધિકતા છે એવા જીવને વર્ણાદિ મૂર્તપણું જરાપણ નથી. સમયસાર ગા. ૬૨માં, વર્ણાદિકની સાથે જીવનું તાદાત્મ્ય માનનારને કહે છે કે–હે મિથ્યા અભિપ્રાયવાળા ! જો તું એમ માને છે કે આ વર્ણાદિક સર્વે ભાવો જીવ જ છે અર્થાત્ જીવ મૂર્ત જ છે, તો તારા મતે જીવ અને અજીવમાં કંઈ જ ભેદ રહેતો નથી.

વળી જો તું એમ કહે કે સંસારી જીવને જ વર્ણાદિક સાથે તાદાત્મ્યપણું છે એટલે કે સંસારી જીવો મૂર્ત છે, તોપણ સંસારમાં સ્થિત બધા જીવો રૂપી થઈ જાય; ને રૂપી તો પુદ્ગલ હોય, જીવ ન હોય. એટલે હે મૂઢમતિ ! તારી માન્યતામાં તો પુદ્ગલ તે જ જીવ ઠર્યો, એટલે મોક્ષ પણ પુદ્ગલનો જ થયો ! માટે હે ભાઈ ! તું ન્યાયથી સમજ કે અરૂપી એવા ચૈતન્યસ્વરૂપ આત્માને સિદ્ધદશામાં કે સંસારદશામાં કદી મૂર્તપણું નથી, તે સદા અમૂર્તસ્વભાવી જ છે. દેહાદિ મૂર્તવસ્તુના સંયોગમાં રહ્યો તેથી કાંઈ તે મૂર્ત થઈ

ગયો નથી, જગતમાં છએ દ્રવ્યો એકક્ષેત્રે સદા ભેગાં રહેવા છતાં કોઈ પણ દ્રવ્ય પોતાના સ્વધર્મને છોડતું નથી ને અન્યના ધર્મરૂપ થતું નથી, આવી જ વસ્તુસ્થિતિ છે. અમૂર્ત શક્તિનું કાર્ય પણ અમૂર્ત છે; આત્માના અમૂર્તત્વગુણે આખા આત્માને અમૂર્ત એટલે કર્મના સંબંધ વગરનો રાખ્યો છે. આવા સ્વભાવે આત્માને ઓળખવો તે જ તેની સાચી ઓળખાણ છે.

જ્ઞાનસ્વરૂપી આત્મા સ્વભાવથી અમૂર્ત જ છે; તેના ઉત્પાદ–વ્યય અમૂર્ત છે, તેના ગુણ–પર્યાયો અમૂર્ત છે; તેના સ્વભાવમાં મૂર્તનો સ્પર્શ નથી, કર્મનો સ્પર્શ નથી. આવો જ્ઞાનમૂર્તિ આત્મા અમૂર્તપણે શોભી રહ્યો છે. 'જ્ઞાનમાત્રભાવ'માં અમૂર્તપણું ભેગું સમાય છે, પણ જ્ઞાનમાત્રભાવમાં મૂર્તપણું ભેગું સમાતું નથી. જ્ઞાનમાત્રમાં કર્મનો સંબંધ ક્યાંય આવતો નથી, કે દેહાદિની ક્રિયા આવતી નથી. અમૂર્ત આત્મા મૂર્તની ક્રિયા કેમ કરે? આવો આત્મા દ્રષ્ટિમાં ને અનુભવમાં લીધા વગર ધર્મ થાય નહીં, એટલે આત્મવૈભવની પ્રસિદ્ધિ થાય નહીં.

આત્માના જ્ઞાન સાથે શું મૂર્તપણું હોય? –ના; જ્ઞાન સાથે તો અમૂર્તપણું હોય. આત્માને જ્ઞાનમાત્ર કહે અને વળી તેમાં કર્મનો સંબંધ કે મૂર્તપણું માને તો તેણે ખરેખર આત્માને જ્ઞાનમાત્ર નથી જાણ્યો. જ્ઞાનમાત્ર આત્મામાં જેમ દુઃખ નથી તેમ જ્ઞાનમાત્ર આત્મામાં મૂર્તનો સંબંધ નથી. જ્ઞાનમાત્ર વસ્તુ સ્પર્શાદિ રહિત જ છે. અરે, અશરીરી ચૈતન્યબિંબ અરૂપી આત્માને મૂર્તશરીરના સંબંધથી ઓળખવો તે તો શરમ છે–કલંક છે. પોતાની અનંત ચૈતન્યશક્તિમાં ભગવાન આત્માએ મૂર્તપણાને કદી ગ્રહ્યું જ નથી. ઉપચારથી ક્યાંક મૂર્ત કહ્યો પણ તે ઉપચારની વાત અહીં સ્વભાવમાં લાગુ પડતી નથી. અહીં તો સ્વભાવ ઉપર દ્રષ્ટિ કરીને આત્મા શુદ્ધપણે પરિણમે, અને તેમાં ઉપચારનો કે પરના સંબંધનો અભાવ થઈ જાય એવી વાત છે.

પંચાસ્તિકાય વગેરેમાં આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય અમૂર્ત કહ્યા છે. પુદ્ગલ સિવાયના પાંચે દ્રવ્યો અમૂર્ત છે–એમ કહ્યું છે, ત્યાં તો રાગ–દ્વેષાદિ વિકારી પરિણામ પણ તે અમૂર્તપણામાં સમાય છે. અને અહિં આત્માનો જે અમૂર્તસ્વભાવ કહ્યો તેમાં એ વિશેષતા છે કે રાગાદિ વિકારભાવો તેમાં ન આવે. જ્ઞાનલક્ષણે લક્ષિત જે અમૂર્તસ્વભાવ છે તે અહીં બતાવ્યો છે એટલે તેમાં પુણ્ય–પાપરહિત નિર્મળ અમૂર્તપણું જ આવે છે; વિકાર આ અમૂર્તપણામાં સમાતો નથી, કેમકે તે 'જ્ઞાનલક્ષણે લક્ષિત' નથી.

આત્માના ચૈતન્યમંદિરમાં બિરાજમાન અનંત શક્તિરૂપી દેવીનું આ વર્ણન છે એકેક શક્તિ દિવ્ય શક્તિવાળી દેવી છે. પણ નિજશક્તિને ભૂલીને મૂર્ખજીવો પરને જ ભજી રહ્યા છે. ભાઈ, તારી એકેક શક્તિમાં મહાન સામર્થ્ય છે, તેને ઓળખીને તેને ભજ. કર્મના સંબંધને તોડવાની શક્તિ તારામાં છે. કર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિકસંબંધ તે વ્યવહાર છે, શુદ્ધસ્વભાવની દ્રષ્ટિમાં તે સંબંધનો સ્વીકાર નથી; તેમાં તો શુદ્ધતાનો જ સ્વીકાર છે. શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિથી જે નિર્મળપર્યાય પ્રગટી તેને પણ કર્મ સાથે સંબંધ નથી; ભાવબંધનોય સંબંધ તે નિર્મળપર્યાયમાં નથી. શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય તે જ આત્મા છે, તેમાં વિકાર નહિ, પરનો સંબંધ નહિ.

અરે, આત્મા અનંત ચૈતન્યશક્તિનો દરિયો; એ દરિયા તે કોઈથી બંધાતા હશે? આ દરિયો પોતાની પર્યાયના સ્વચ્છ તરંગપણે ઉલ્લસ્યો ત્યાં કોઈ તેને રોકનાર નથી, બાંધનાર નથી, તેમાં કર્મનો સંબંધ નથી. આવી પર્યાય સહિત ભગવાન આત્મા સ્વાનુભવમાં પ્રગટે છે, સ્વાનુભવમાં આનંદનો દરિયો ડોલે છે. સ્વાનુભવમાં નિર્મળ પર્યાય સહિત આત્મા પ્રકાશમાન થયો તેના ગંભીર ભાવોનું આ વર્ણન છે. અહા, સ્વાનુભૂતિના એક ટંકારે જે કેવળજ્ઞાન લ્યે–એવી મહાન જેની તાકાત, તેને પોતાના આત્માની આ વાત ન સમજાય–એમ કહેવું તે તો લાજ છે, શરમ છે. પોતાનું સ્વરૂપ પોતાને કેમ ન સમજાય? સમજવાની ખરી લગન હોય તો જરૂર સમજાય. જ્ઞાનસ્વરૂપ આત્માને અજ્ઞાનમાં રહેવું ને સંસારમાં જન્મ–મરણ ધારણ કરવા તે તો કલંક છે–શરમની વાત છે. શ્રી યોગીન્દુદેવ યોગસારમાં કહે છે કે–

**ધ્યાનવડે અભ્યંતરે દેખે જે અશરીર,**

**શરમજનક જન્મો ટળે, પીએ ન જનની-ક્ષીર. (૬૦)**

અરે, પ્રભુ! તું અશરીરી, તને આ શરમજનક શરીર ધારણ કરીને સંસારમાં રખડતાં શરમ નથી આવતી? –ને ભવના અભાવની આ વાત સાંભળતાં તને શરમ લાગે છે!! ભવના અભાવની વાત સમજવામાં તને ઉમંગ–ઉત્સાહ નથી આવતો ને સંસારની વાતમાં તને ઉત્સાહ આવે છે–તો તું ભવથી ક્યારે છૂટીશ? ભવથી છૂટવું હોય, શરીરરહિત થવું હોય તો ધ્યાનવડે તારા અંતરમાં અશરીરી આત્મસ્વભાવને દેખ...અશરીરી આત્માના અનુભવ વડે તને અશરીરી સિદ્ધદશા થશે, ને શરમજનક જન્મોથી તારો

છૂટકારો થશે, ફરીને બીજી માતાનું દૂધ તારે નહીં પીવું પડે...માતાના પેટમાં નહિ પુરાવું પડે.

ભાઈ, અંતરમાં આત્માનો મહિમા અપાર છે, આત્માનો વૈભવ અચિંત્ય છે, તેને તું દેખ. અહા, જેના ઉદયે ચૌદ બ્રહ્માંડમાં અજવાળાં થાય ને ઈન્દ્રોનાં ઈન્દ્રાસન ડગમગી જાય એવી તીર્થંકરપ્રકૃતિ, તે તારા એક વિકલ્પનું ફળ! –ને એ વિકલ્પ પણ તારા સ્વભાવની ચીજ નહિ; તો વિચાર તો ખરો કે તારા અચિંત્ય ચૈતન્યસ્વભાવની શક્તિ કેટલી? મનુષ્યલોકમાં તીર્થંકર ભગવાનનો મંગલ જન્મ થતાં સ્વર્ગમાં ઈન્દ્રનું સિંહાસન કંપી ઉઠે છે, ત્યારે ઈન્દ્રને ખ્યાલ આવે છે કે અહો! મધ્યલોકમાં–ભરતમાં વિદેહમાં કે ઐરવતક્ષેત્રમાં દેવાધિદેવ તીર્થંકરનો અવતાર થયો, ધન્ય એમનો અવતાર! ધન્ય આ પ્રસંગ! જગતમાં આશ્ચર્યકારી મંગળ પ્રસંગ છે...ચાલો, એ કલ્યાણક ઉત્સવ ઉજવવા મધ્યલોકમાં જઈએ. અહા, ભક્તિથી ઊર્ધ્વલોકના ઈન્દ્રો પણ મનુષ્યલોકમાં ઊતરે–એ પ્રસંગ કેવો! ઈન્દ્ર ચારે પ્રકારના દેવોની સેના લઈને ઠાઠમાઠ સહિત ભગવાનનો જન્માભિષેક કરવા અને પૂજન વગેરે ઉત્સવ કરવા આવે છે ને આશ્ચર્યકારી મહોત્સવ કરે છે.–આવું તો જેના સ્વભાવની બહારના એક વિકલ્પનું ફળ, તો એવા સ્વભાવના અંતરના સામર્થ્યના મહિમાની શી વાત! –એ તો વિકલ્પથી પાર! એના અનુભવના આનંદ પાસે જગતના સ્વાદ ફિક્કા લાગે. ભાઈ, આવો આત્મા તું પોતે છો; તારા સ્વભાવનો મહિમા લક્ષમાં લઈને તેને અનુભવમાં લેવાનો વારંવાર ઉદ્યમ કર.

તીર્થંકરપ્રભુની માતાના દોહલા–મનોરથ ને સ્વપ્નાં પણ કોઈ લોકોત્તર હોય છે, ચારે કોરનાં તીર્થોની વંદના કરીએ, જગતમાં ધર્મની પ્રભાવના કરીએ, મેઘવૃષ્ટિ થાય, ભગવાનના દર્શન કરીએ–એવા પ્રકારના ભાવો એમને જાગે છે, કેમકે તીર્થંકર જેવો લોકોત્તર પુત્ર તેમની કુખમાં બિરાજે છે. અહીં કહે છે કે આવા લોકોત્તર પુણ્યના ઠાઠથી પણ પાર આત્માના સ્વભાવની આ વાત છે. લોકોત્તર પુણ્યને જે સ્પર્શતો નથી, તેમાં તન્મય થતો નથી એવા સ્વભાવના આનંદની શી વાત! આનંદસ્વભાવની સન્મુખ પરિણમતો આત્મા તે વિકાર સામે જોતો નથી, કર્મને કે તેના ફળને પોતામાં સ્વીકારતો નથી; ને જેનાથી કર્મ બંધાય છે એવા રાગભાવને પણ પોતામાં સ્વીકારતો નથી. આવો જ્ઞાનાનંદસ્વભાવી આત્મા 'ચૈતન્યદરિયો, સુખથી ભરિયો'–તેના આશ્રયે નિર્મળ પર્યાય ઊપજે છે, મૂર્ત–ઈન્દ્રિયોના સબંધ

વગરનો અતીન્દ્રિય આનંદ અનુભવાય છે ને કર્મનો સંબંધ તૂટીને સિદ્ધપદ થાય છે. –આવું અમૂર્તપણું જ્ઞાનમાં છે.

આ આત્મા અનંતશક્તિરૂપી અનંત પાસાવાળો ચૈતન્યહીરો છે. આ ચૈતન્યહીરાનો અલૌકિક મહિમા આચાર્યદેવે આ સમયસારમાં ખુલ્લો મુક્યો છે. અહા, આત્મસ્વભાવનો અપાર મહિમા નિજવૈભવથી સન્તોએ પ્રસિદ્ધ કર્યો છે. આવી શક્તિવાળો ભગવાન આત્મા દ્રષ્ટિમાં આવતાં તેનું પરિણમન પુણ્ય પાપથી જુદું પડીને સ્વભાવ તરફ ઝૂકે છે, એટલે તે પરિણમનમાં આત્મશક્તિઓ નિર્મળપણે વ્યક્ત થાય છે. અરે ભાઈ! આવા આત્માને જાણ્યા વગર તું સાચા તત્ત્વનો નિર્ણય કયાંથી કરીશ? તારી નિજશક્તિને જાણ્યા વગર તું તેને સાધીશ કેવી રીતે? સ્વસંવેદનમાં આવી શક્તિવાળો આત્મા પ્રગટ થાય છે, ને એવા સ્વસંવેદન વડે જ આત્મા સધાય છે. પણ એને માટે જગતથી કેટલો વૈરાગ્ય! કેટલી ઉદાસીનતા! સ્વભાવનો કેટલો ઉલ્લાસ ને કેટલો પુરુષાર્થ જોઈએ! –આવા પ્રયત્નથી સ્વસંવેદન વડે ચોથા ગુણસ્થાને આત્મપ્રતીતિરૂપ સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન થતાં નિર્મળ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં વ્યાપીને આત્મા પરિણમે છે; ત્યાં વિકારનો ને કર્મનો સંબંધ છૂટી જાય છે. –આવું અમૂર્તજ્ઞાનનું સમ્યક્ પરિણમન છે.

ચૈતન્યહીરાની ખાણમાં વિકાર ભર્યો નથી, તેમાં તો તેના અનંતગુણની નિર્મળતારૂપી હીરા ભર્યા છે. વિકારની ખાણમાં શોધે તો ચૈતન્યગુણરૂપી હીરા મળે નહીં. ચૈતન્યની ખાણમાં વિકાર નહીં ને વિકારની ખાણમાં હીરા નહીં. જેની ખાણમાં જે હોય તેમાંથી તે નીકળે. અનંત ગુણમણિની જે ખાણ છે એવા આત્માને દ્રષ્ટિમાં લેતાં તેમાંથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી ઉત્તમ રત્નો નીકળે છે. આત્મશક્તિમાં એવી વીરતા છે કે વિકારને તાબે થાય નહીં. જ્ઞાનશક્તિ પોતામાં અજ્ઞાનને આવવા ન દે, આનંદ પોતામાં દુઃખને આવવા ન દે, તેમ અમૂર્તસ્વભાવ મૂર્તપણાને પોતામાં આવવા ન દે. આ રીતે આત્માની દરેક શક્તિ પોતાના સ્વરૂપને નિર્મળપણે સાધે છે. સ્વશક્તિવડે આત્મા પોતાની રક્ષા કરે છે ને પોતાના સ્વઘરમાં સ્થિર રહે છે. આવી અનંત શક્તિવાળો આત્મા છે તેને અંતર્મુખ થઈને જાણવો–માનવો–અનુભવવો તે અમૂર્ત થવાનો, એટલે કે મૂર્તકર્મના સંબંધરહિત સિદ્ધ થવાનો ઉપાય છે.

# નિજપદની સાધના

## વીતરાગી સન્તો બોલાવે છે-મોક્ષના મારગમાં

**સ્વાનુભવપૂર્વક અંતરમાં નિજપદને સાધી રહેલા ધર્માત્મા, બીજા જીવોને પણ શુદ્ધચૈતન્યપદ દેખાડીને મોક્ષમાર્ગમાં બોલાવે છે કે અરે જીવો! આ માર્ગે આવો...આ માર્ગે આવો.**

**(સમયસારકલશ ૧૩૮-૧૩૯ ઉપરના પ્રવચનમાંથી)**

પોતાનું જે ચૈતન્યપદ છે તેને જે દેખતા નથી,–અનુભવતા નથી, ને રાગાદિને જ નિજપદ માની રહ્યા છે, તે જીવો આંધળા છે,–પોતે પોતાના સ્વરૂપને દેખતા નથી. અહીં તો એવા જીવોને જગાડીને તેમનું શુદ્ધપદ આચાર્યદેવ દેખાડે છે...ને તે તરફ બોલાવે છે.

રે પ્રાણીઓ! અશુદ્ધ રાગાદિ ભાવોને જ નિજરૂપ માનીને તેને જ તમે વેદી રહ્યા છો, તેટલો જ પોતાને માની રહ્યા છો–પણ તે જૂઠું છે, જીવનું સ્વરૂપ તે નથી. જીવ તો શુદ્ધ ચૈતન્યમય છે, તેને ભૂલીને રાગાદિ પર્યાય જેટલો જ પોતાને ન અનુભવો. રાગ તો ઉપાધિ છે, તે માર્ગે ન જાઓ ન જાઓ; એ માર્ગ તમારો નથી, નથી; આ ચૈતન્યસ્વરૂપ તમે છો. આ માર્ગે આવો...આ માર્ગે આવો. આ શુદ્ધ ચૈતન્યપદ તરફ વળો, તેને જ અનુભવો...એ જ તમારો માર્ગ છે. શુદ્ધ–શુદ્ધ (અત્યંત શુદ્ધ) એવા આ ચૈતન્યપદમાં જ તમારો આનંદ છે, તેને છોડીને બીજે ન જાઓ, તેને છોડીને બીજાને ન અનુભવો.

જેમાંથી ચૈતન્યના આનંદની પરિણતિ ઝરે એવા ચૈતન્યપદને તો અનુભવતો નથી, ને રાગને જ નિજપદ સમજી તેના અનુભવમાં રોકાઈ રહ્યો છે તે તો પરભાવની માયાજાળમાં ફસાયેલો છે; તે પોતાના ચૈતન્યભાવને ભૂલ્યો છે ને ચાર ગતિના ભવમાં સૂતો છે, જે–જે ભવમાં જે પર્યાય ધારણ કરે છે તે પર્યાયને જ અનુભવવામાં મશગુલ છે; હું દેવ છું; હું મનુષ્ય છું; હું રાગી છું–એમ અનુભવે છે, પણ એનાથી જુદા પોતાના શુદ્ધ જ્ઞાયકપદને અનુભવતો નથી તે અંધ છે. તે વિનાશી ભાવોરૂપે જ પોતાને અનુભવે છે પણ અવિનાશી નિજપદને દેખતો નથી. તે નિજપદનો માર્ગ ભૂલીને ઊંધા માર્ગે ચડી ગયો છે. સન્તો તેને હાકલ કરે છે કે અરે જીવ! થંભી જા! વિભાવના માર્ગેથી પાછો વળ...એ તારા સુખનો માર્ગ નથી, એ તો માયાજાળમાં ફસાવાનો માર્ગ છે...માટે એ માર્ગેથી રૂક જા અને આ તરફ આવ...આ તરફ આવ. તારું આનંદમય સુખધામ અહીં છે...આ તરફ આવ. દેવ તું નહિ, મનુષ્ય તું નહિ, રાગી

તું નહિ, તું તો શુદ્ધ ચૈતન્ય છો. તારો અનુભવ તો ચૈતન્યમય છે. ચૈતન્યથી જાુદું કોઈ પદ તારું નથી–નથી; તે તો અપદ છે, અપદ છે.

અરે, આવું ચૈતન્યપદ દેખીને તેને સાધવા આઠ આઠ વર્ષના કુંવરો રાજપાટ છોડીને વનમાં ચાલ્યા ગયા; અંતરમાં અનુભવેલા ચૈતન્યપદમાં લીન થવા માટે વીતરાગમાર્ગે વિચર્યા. જે ચૈતન્યપદના અનુભવ પાસે ઈન્દ્રાસન પણ અપદ લાગે, તેના મહિમાની શી વાત! અરે, તારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેવું છે તેવું જો તો ખરો! અમૃતથી ભરેલું આ ચૈતન્યસરોવર, તેને છોડીને ઝેરના સમુદ્રમાં ન જા. ભાઈ, દુઃખી થવાના રસ્તે ન જા...ન જા. એ પરભાવના માર્ગેથી પાછો વળ...પાછો વળ. ને આ ચૈતન્યના માર્ગે આવ રે આવ. બહારમાં તારો માર્ગ નથી, અંતરમાં તારો માર્ગ છે, અંતરમાં આવ... આવ. સન્તો પ્રેમથી તને મોક્ષના માર્ગમાં બોલાવે છે.

–આવા માર્ગમાં કોણ ન આવે!! કોણ વિભાવને છોડીને સ્વભાવમાં ન આવે? બહારના રાજવૈભવને છોડીને અંતરના ચૈતન્યવૈભવને સાધવા રાજાઓ ને રાજકુમારો અંતરના માર્ગમાં વળ્યા. બહારના ભાવ અનંતકાળ કર્યા, હવે તે છોડીને અમારું પરિણમન અંદર અમારા નિજપદમાં વળે છે,–હવે એ પરભાવના પંથમાં હું નહિ જાઊં–નહિ જાઊં–નહિ જાઊં; અંતરના અમારા ચૈતન્યપદમાં જ ઢળું છું. –આમ સ્વાનુભૂતિપૂર્વક ધર્મી જીવ નિજપદને સાધે છે...ને બીજા જીવોને પણ કહે છે કે હે જીવો! તમે પણ આ માર્ગે આવો રે આવો. અંતરમાં જોયેલો જે મોક્ષનો માર્ગ, આનંદનો માર્ગ તે બતાવીને સન્તો બોલાવે છે કે હે જીવ! તમે પણ અમારી સાથે આ માર્ગે આવો...આ માર્ગે આવો. અવિનાશીપદનો આ માર્ગ છે...સિદ્ધપદનો આ માર્ગ છે.

* * *

મોક્ષાર્થીએ સ્વાદ લેવા યોગ્ય, અનુભવ કરવાયોગ્ય શુદ્ધચૈતન્યપદ એક જ છે, એના સિવાય બીજાું અપદ છે, શુદ્ધજીવનું સ્વરૂપ તે નથી. મોક્ષ એટલે કે પરમ સુખ જોઈતું હોય તેણે નિરંતર આ શુદ્ધપદનો જ અનુભવ કરવો. શું કરવું ને શેમાં ઠરવું?–તો કહે છે કે પોતાના શુદ્ધ ચૈતન્યપદમાં દ્રષ્ટિ કરવી ને તેમાં ઠરવું. શરીર કે ઘર તે તારું પદ નથી, તે તારું રહેઠાણ નથી, સંયોગો તે તારું રહેઠાણ નથી, રાગ તે તારું રહેઠાણ નથી, તારું રહેઠાણ અસંખ્યપ્રદેશી ચૈતન્યરસથી ભરપૂર છે, તે જ તારું નિજપદ છે.–એનો અનુભવ લેવો તે જ મોક્ષનું એટલે ચિરસુખનું કારણ છે. ચિરસુખ એટલે લાંબું સુખ, અનંતકાળનું સુખ, શાશ્વત સુખ, મોક્ષસુખ.

આત્મા પોતે સત્ય અવિનાશી વસ્તુ છે, તેના અનુભવથી થયેલું સુખ શાશ્વત અવિનાશી છે. આત્માનો આનંદ તો પોતામાં છે, પરમાં કયાંય આનંદ નથી. જેમાં આનંદ ન હોય તેને નિજપદ કેમ કહેવાય? નિજપદ તો તેને કહેવાય કે જેમાં આનંદ

હોય. જેનો સ્વાદ લેતાં, જેમાં રહેતાં, જેમાં ઠરતાં આત્માને સુખનો અનુભવ થાય તે નિજપદ છે. જેના વેદનમાં આકુળતા થાય તે નિજપદ નથી, તે તો પર પદ છે, આત્માને માટે અપદ છે. તેને અપદ જાણીને તેનાથી પાછા વળો, ને આ શુદ્ધ આનંદમય ચૈતન્યપદ તરફ આવો.

જેમાં કોઈ વિકલ્પ નથી એવું આ નિર્વિકલ્પ એક જ ચૈતન્યપદ આસ્વાદવા જેવું છે. સમ્યગ્દર્શનમાં ચૈતન્યનો સ્વાદ છે, સમ્યગ્જ્ઞાનમાં ચૈતન્યનો સ્વાદ છે, સમ્યક્ ચારિત્રમાંય ચૈતન્યનો સ્વાદ છે. રાગનો સ્વાદ રત્નત્રયથી બહાર છે; નિજપદમાં રાગનો સ્વાદ નથી. રાગ એ તો દુઃખ છે, વિપદા છે, ચૈતન્યપદમાં વિપદા નથી. જેમાં આપદા તે અપદ, જેમાં આપદાનો અભાવ ને સુખનો સદ્ભાવ તે સ્વપદ; આનંદસ્વરૂપ આત્માની સંપદાથી જે વિપરીત છે તે વિપદા છે. રાગ તે ચૈતન્યની સંપદા નથી પણ વિપદા છે; આત્માનું તે અપદ છે. જેમ રાજાનું સ્થાન મેલા ઉકરડામાં ન શોભે, રાજા તો સોનાના સિંહાસને શોભે; તેમ આ જીવ–રાજાનું સ્થાન રાગદ્વેષ ક્રોધાદિ મલિનભાવોમાં નથી શોભતું, તેનું સ્થાન તો પોતાના શુદ્ધ ચૈતન્યસિંહાસને શોભે છે. રાગમાં ચૈતન્યરાજા નથી શોભતા; એ તો અપદ છે, અસ્થિર છે, મલિન છે, વિરુદ્ધ છે; ચૈતન્યપદ શાશ્વત છે, શુદ્ધ છે, પવિત્ર છે, પોતાના સ્વભાવરૂપ છે. આવા શુદ્ધ સ્વપદને હે જીવો! તમે જાણો...તેને સ્વાનુભવ–પ્રત્યક્ષ કરો. આવી નિજપદની સાધના તે મોક્ષનો ઉપાય છે.

# ચાંદો અને સૂરજ

ગતાંકમાં આપણે પ્રશ્નો પૂછેલ કે ચાંદો મોટો કે સૂરજ? અને ચાંદો ઊંચો કે સૂરજ? અહીં તેના ઉત્તર સાથે, ચંદ્ર અને સૂર્ય સંબંધી જાણવા જેવી કેટલીક વિગતો જૈનસિદ્ધાન્તઅનુસાર રજુ કરવામાં આવી છે. પ્રાચીન આચાર્યોનું બનાવેલું ત્રિલોકપ્રજ્ઞપ્તિ નામનું શાસ્ત્ર છે તેના આધારે આ વિગતો લખી છે.

પ્રથમ એ જાણીએ કે ચંદ્ર અને સૂર્ય શું છે? આપણને અહીંથી જે પ્રકાશમાન વસ્તુ ચંદ્ર અને સૂર્ય તરીકે નજરે પડે છે તે ચંદ્રલોક અને સૂર્યલોકની પૃથ્વીના તળિયાનો ભાગ દેખાય છે. ચંદ્રલોક અર્થાત્ ચંદ્રવિમાન મણિમય–પૃથ્વીનું બનેલું છે, અને તે પૃથ્વીકાયમાં જે એકેન્દ્રિય જીવ છે તે ઉદ્યોતનામકર્મ સહિત છે, તેથી તે સ્વયં પ્રકાશમાન અતિશય શીતલ કિરણોથી સંયુક્ત છે. અને તે ચંદ્રવિમાનની અંદર જ્યોતિષી દેવોની નગરીની રચના છે. તેની વચ્ચેના રાજાંગણમાં ભવ્ય રત્નનિર્મિત જિનપ્રાસાદ છે, તેમાં રત્નમય જિનબિંબ બિરાજે છે. ને ચંદ્રલોકના સ્વામી ઈન્દ્ર

તે ચંદ્રદેવ છે, તે ચંદ્ર–ઈન્દ્ર જિનપ્રતિમાના પૂજનાદિ કરે છે. ઈન્દ્રના પરિવારરૂપે બીજા પણ ઘણાય દેવો તે ચંદ્રલોકમાં રહે છે.

એ જ રીતે સૂર્યબિંબ ( સૂર્યનગર ) પણ મણિમય પૃથ્વીનું બનેલું છે, તેમાં રહેલ એકેન્દ્રિય–પૃથ્વીજીવ આતાપનામકર્મ સહિત છે તેથી તે પ્રકાશમાન ઉષ્ણકિરણોથી સહિત છે. તેમાં પણ ચન્દ્રલોક જેવી જ રચનાઓ છે. તેના સ્વામી તે સૂર્યદેવ છે, તે ઈન્દ્ર છે. ચંદ્રને ઈન્દ્ર કહેવાય છે ને સૂર્યને પ્રતિન્દ્ર કહેવાય છે. આ ઉપરાંત ગ્રહો–નક્ષત્રો ને તારાઓ તે પણ જ્યોતિષી દેવોનાં નિવાસસ્થાનરૂપ નગરો છે; તેમાં દેવો રહે છે.

સૂર્યબિંબ કરતાં ચંદ્રબિંબ મોટું છે. સૂર્યવિમાન ૪૮/૬૧ યોજનનું છે, ત્યારે ચંદ્રવિમાન ૫૬/૬૧ યોજનનું છે. ( યોજન એટલે લગભગ પાંચ હજાર માઈલ. )

સૂર્ય કરતાં ચંદ્ર વધુ ઊંચે છે. સૂર્ય મૂળચિત્રાપૃથ્વીથી ૮૦૦ યોજન ( લગભગ ચાલીસ લાખ માઈલ ) ઊંચો છે, જ્યારે ચંદ્ર ૮૮૦ યોજન ( લગભગ ૪૪ લાખ માઈલ ) ઊંચો છે.

આમ તો મધ્યલોકમાં અસંખ્યાતા ચંદ્રો અને સૂર્યો છે; પણ મનુષ્યલોકમાં ( એટલે કે અઢીદ્વિપ સુધીમાં ) ૧૩૨ ચંદ્રો તથા ૧૩૨ સૂર્યો છે. અને આપણે જેમાં રહીએ છીએ તે આ જંબુદ્વિપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. તે મેરૂપર્વતની ચારે બાજુ પ્રદક્ષિણા કરે છે. તેમને એક પ્રદક્ષિણા કરતાં ૪૮ કલાક જેટલો વખત લાગે છે; એટલે આજે આપણે જે ચંદ્ર કે સૂર્યને જોયો હોય તેને ફરીને ૪૮ કલાક બાદ જોઈએ છીએ. જે ચંદ્ર–સૂર્ય કાલે દેખાયા, તે જ આજે નથી દેખાતા પણ બીજા દેખાય છે. આ રીતે જંબુદ્વિપમાં બે ચંદ્ર ને બે સૂર્ય ફરી રહ્યા છે. ભરતક્ષેત્રમાં ને વિદેહક્ષેત્રમાં દેખાતા સૂર્ય–ચંદ્રો જુદા નથી પણ એક જ છે; તે જ સૂર્ય–ચંદ્ર વિદેહ ઉપર થઈને ફરતા ફરતા અહીં ભરતક્ષેત્રમાં આવે છે. અઢી દ્વીપ બહારના સૂર્ય–ચંદ્ર સ્થિર છે. આ સૂર્ય અને ચંદ્રના બિમ્બ શાશ્વતા છે; પણ તેની અંદર રહેનારા સૂર્ય અને ચંદ્ર ઈન્દ્રો મર્યાદિત આયુષ્યવાળા છે, તેમનું ઉત્કૃષ્ટ આયુ એક પલ્યોપમથી કંઈક અધિક છે; અસંખ્ય વર્ષનું તે આયુષ પુરું થતાં ત્યાંના સૂર્ય–ચંદ્ર ઈન્દ્રો મનુષ્યમાં અવતરે છે અને ત્યાં બીજા જીવો સૂર્ય–ચંદ્ર તરીકે ઊપજે છે. સૂર્ય–ચંદ્રરૂપ ઈન્દ્રો શ્રી જિનેન્દ્રદેવનાં ભક્તો છે.

કટોકટીના કાળમાંય ધર્મીની દ્રષ્ટિ આત્મા ઉપર હોય છે.

# પરમ શાંતિદાતારી અધ્યાત્મભાવના

( લેખાંક છેલ્લો-૬૦ ) ( અંક ૨૯૨ થી ચાલુ )

ભગવાન શ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપરનાં પૂ. શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોની આ લેખમાળા આ અંકે સમાપ્ત થાય છે. અત્યંત સુગમશૈલિથી વૈરાગ્યપૂર્વક ભેદજ્ઞાન અને સમાધિની પ્રેરણા આ શાસ્ત્રમાં અને પ્રવચનોમાં ભરેલી છે. સુગમશૈલીના અધ્યાત્મલેખો માટે ઘણા જિજ્ઞાસુઓની ભાવના હોવાથી આ લેખમાળા શરૂ કરેલી, અને જિજ્ઞાસુઓએ પણ તેના વાંચન પ્રત્યે ઉત્સાહ બતાવ્યો. શાસ્ત્રકર્તા આચાર્યદેવનો થોડોક પરિચય લેખમાળાના અંત ભાગમાં આપેલ છે. આ સમાધિશતક શાસ્ત્ર ગુજરાતી અર્થ સહિત સોનગઢથી પ્રસિદ્ધ થઈ ગયેલ છે.

( વીર સં. ૨૪૮૨ શ્રાવણ સુદ પૂર્ણિમા )

આત્માને અને શરીરને નિમિત્તનૈમિત્તિકસંબંધને લીધે ઘણીવાર જીવની ઈચ્છાનુસાર દેહાદિ ક્રિયા થતી દેખીને એવો ભ્રમ ન કરવો કે આત્માને લીધે શરીરનું યંત્ર ચાલે છે! પણ આત્માને દેહથી ભિન્ન જ જાણવો, આત્મામાં દેહનો આરોપ ન કરવો. દેહથી ભિન્ન આત્માની ભાવના કરીને એકાગ્ર થવું–જેથી પરમપદની પ્રાપ્તિ થાય. –એમ બે ગાથામાં કહે છે–

प्रयत्नादात्मनो वायुरिच्छाद्वेषप्रवर्तितात्।
वायोः शरीरयन्त्राणि वर्तन्ते स्वेषु कर्मसु।।१०३।।

तान्यात्मनि समारोप्य साक्षाण्यास्तेऽसुखं जडः।
त्यत्त्क्वारोपं पुनर्विद्वान् प्राप्नोति परमं पदम्।।१०४।।

આત્મામાં રાગ–દ્વેષરૂપ ઈચ્છાનો પ્રયત્ન થતાં, તેના નિમિત્તે એક જાતનો વાયુ શરીરમાં ઉત્પન્ન થાય છે, ને તે વાયુના સંચારથી શરીરરૂપી યંત્ર પોતાના કાર્યમાં પ્રવર્તે છે. ત્યાં તે દેહના કાર્યોનો આત્મામાં આરોપ કરીને અજ્ઞાની તેને આત્માની જ ક્રિયા માને છે. પણ અહીં આચાર્યદેવ કહે છે કે દેહની ક્રિયાનો આત્મામાં આરોપ કરવો તે તો મૂર્ખ–બહિરાત્માનું કાર્ય છે. જ્ઞાની તો શરીરની ક્રિયામાં આત્માની કલ્પના છોડીને, દેહથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ આત્માની ભાવના ભાવીને પરમ પદને પામે છે.

શરીર અને ઇંદ્રિયોની ક્રિયા, જાણે કે હું જ કરું છું–એમ અજ્ઞાની જીવ ભ્રમથી તે જડની ક્રિયાઓને આત્માની જ માને છે, તેથી તે જડબુદ્ધિ બહિરાત્મા ઇંદ્રિયવિષયોની જાળમાં જ ફસ્યો રહે છે ને દુઃખી થાય છે; દેહની ક્રિયામાં જ રાગ–દ્વેષ કરતો થકો દુઃખી થાય છે પણ ચૈતન્યમાં ઠરતો નથી. જ્ઞાની–વિવેકી–અંતરાત્મા તો શરીર અને ઇંદ્રિયોની ક્રિયાને પોતાથી તદ્દન ભિન્ન જાણીને ચૈતન્યસ્વરૂપ આત્માની ભાવનામાં એકાગ્ર થઈને પરમ પદને પામે છે.

અજ્ઞાની પરવિષયોથી પોતાને સુખ–દુઃખ માનીને તેમાં જ લીન રહે છે. જ્ઞાની તો જાણે છે કે સર્વે દ્રવ્યો એકબીજાથી અસહાય છે, કોઈ કોઈને રાગદ્વેષમાં પ્રેરતું નથી. છએ દ્રવ્યો સદાય પોતપોતાના સ્વરૂપમાં પ્રવર્તી રહ્યા છે.

જીવની ઈચ્છા થાય ને ગમન કરે ત્યાં શરીર પણ ભેગું ચાલે, જીવની ઈચ્છા થાય ત્યાં ભાષા પણ ઘણીવાર તેવી બોલાય, –આવો નિમિત્તનૈમિત્તિક સંબંધ છે, પણ બંનેની ક્રિયાઓ ભિન્ન છે, બંનેના લક્ષણો ભિન્ન છે, એમ નહિ જાણનાર અજ્ઞાની ‘હું જ શરીરને ચલાવું છું–હું જ ભાષા બોલું છું’ એમ દેહનો પોતામાં આરોપ કરે છે ને તેથી દેહસંબંધી વિષયોમાં તે સુખ માને છે. પણ ભિન્ન આત્માને જાણનારા જ્ઞાની તો તે આરોપને જૂઠો જાણીને દેહથી ભિન્ન અંતરાત્માને અનુભવે છે, અને આત્મામાં દેહનો આરોપ છોડીને, પરમપદને પામે છે.

આ રીતે ભેદજ્ઞાનવડે ભિન્ન લક્ષણની ઓળખાણપૂર્વક શરીર અને આત્માનો એકબીજામાં આરોપ છોડીને, અને નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું પણ લક્ષ છોડીને, દેહથી ભિન્ન આત્માના અનુભવમાં એકાગ્રતા કરવી તે જ પરમ આનંદમય પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે, તે જ સમાધિ છે. ।। ૧૦૪ ।।

પરમાત્મપદની પ્રાપ્તિનો માર્ગ બતાવનાર આ સમાધિતંત્રને જાણીને પરમાત્મનિષ્ઠ જીવ પરમસુખને પામે છે,–એમ અંતિમ શ્લોકમાં શાસ્ત્રનું ફળ બતાવીને અંતમંગળ કરે છેઃ–

**मुक्त्वा परत्र परबुद्धिमहंधियं च, संसारदु:खजननीं जननाद्विमुक्त:।**
**ज्योतिर्मयं सुखमुपैति परात्मनिष्ठ:, तन्मार्गमेतदधिगम्य समाधितन्त्रम्।।१०५।।**

ભેદજ્ઞાન વડે જેની પ્રાપ્તિ થાય છે એવા પરમપદની પ્રાપ્તિનો માર્ગ આ સમાધિતંત્ર બતાવે છે. જેનાથી સમાધિ એટલે કે પરમસુખ થાય એવો ઉપદેશ આ સમાધિતંત્રમાં છે. તેને જાણીને શું કરવું? કે સંસારદુઃખની જનેતા એવી જે સ્વ–પરની એકત્વબુદ્ધિ તેને છોડવી, ને ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપમાં સ્થિર થવું. દેહમાં આત્મબુદ્ધિ, ને

આત્મામાં દેહબુદ્ધિ–એવી જે સ્વ–પરની એકત્વબુદ્ધિ છે તે સંસારના દુઃખની જનની છે, મિથ્યાબુદ્ધિ જ સંસારનું મૂળ છે. આ શાસ્ત્રના ઉપદેશઅનુસાર તે મિથ્યાબુદ્ધિ છોડીને, દેહથી ભિન્ન આત્માને જાણીને, તેમાં જે સ્થિર થાય છે તે અંતરાત્મા આ સંસારના જન્મમરણથી મુક્ત થઈને પરમ કેવળજ્ઞાનજ્યોતિમય સુખને પામે છે. આવું ઉત્તમ આ શાસ્ત્રનું ફળ છે...તે મંગળ છે.

‘સમાધિતંત્ર’ એટલે ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતાવડે પરમ ઉદાસીનતાનો ઉપદેશ; ઘણા પ્રકારે દ્રષ્ટાંત વગેરેથી સ્પષ્ટ કરીને દેહ અને આત્માની અત્યંત ભિન્નતા બતાવી; એવી ભિન્નતા જાણીને દેહબુદ્ધિ છોડીને પોતાના પરમ આત્મસ્વરૂપમાં જે સ્થિર થાય છે તે પરમસુખને અનુભવે છે. જુઓ, આવું ભેદજ્ઞાન કરીને સ્વરૂપમાં સ્થિત થવું તે શાસ્ત્ર ભણવાનું ફળ છે; એવું જેણે કર્યું તે ખરેખર શાસ્ત્રને ભણ્યો છે. પોતામાં ભાવ પ્રગટ કર્યા વગર માત્ર વાંચી જવાથી શાસ્ત્રનું ફળ આવે નહિ. શાસ્ત્રજ્ઞાનનું ફળ તો પરમ વીતરાગતા અને સુખ છે.

સમયસારમાં છેલ્લે ફળ બતાવતાં કુંદકુંદાચાર્યભગવાન કહે છે કેઃ–

**जो समयपाहुडमिणं पठिहूणं अत्थतच्चओ णाउं।**
**अत्थे ठाही चेया सो होही उत्तमं सोक्खं।।**

આત્મસ્વરૂપમાં સ્થિર થતાં પરમસુખની અનુભૂતિ થાય–એ જ બધા શાસ્ત્રોનો સાર છે. અહીં પણ પરમાત્મસ્વરૂપમાં સ્થિરતાથી સુખ થાય છે–એવું આ શાસ્ત્રનું ફળ બતાવીને મંગળપૂર્વક શાસ્ત્ર સમાપ્ત થાય છે.

આ શાસ્ત્રકર્તા શ્રી પૂજ્યપાદસ્વામી મહાસમર્થ દિગંબર સન્ત હતા; તેઓ વિક્રમ સવંતના છઠ્ઠા સૈકામાં (આજથી લગભગ ૧૫૦૦ વર્ષ પૂર્વે) આ ભારતભૂમિને શોભાવતા હતા; તેમની અગાધબુદ્ધિને લીધે તેઓ ‘જિનેન્દ્રબુદ્ધિ’ એવા નામથી પણ લોકોમાં પ્રસિદ્ધ હતા; તેમનું મૂળ નામ ‘દેવનન્દી’ હતું ને દેવોદ્વારા પણ તેમના પાદ પૂજિત (પૂજ્ય–પાદ) હતા. ‘શ્રવણબેલગોલ’ના પહાડ ઉપર તેમના મહિમાસંબંધી અનેક શ્લોકો કોતરેલા છે. ‘તત્ત્વાર્થસૂત્ર’ ઉપરની સૌથી પ્રસિદ્ધ એવી ‘સર્વાર્થસિદ્ધિ’ નામની મહાન ટીકા તેમણે રચી છે. તે ઉપરાંત જૈનેન્દ્ર–વ્યાકરણ નામનું મહાન શબ્દશાસ્ત્ર તેમણે રચ્યું છે, તેથી **‘शब्दाब्धीन्दु ...’** એટલે કે શબ્દરૂપી સમુદ્રને ઉછાળવામાં ચંદ્રસમાન–એવું વિશેષણ આપીને શ્રી પદ્મપ્રભમુનિરાજે નિયમસારની ટીકાના મંગલાચરણમાં તેમને વંદન કર્યા છે. આદિપુરાણમાં જિનસેનસ્વામીએ તથા જ્ઞાનાર્ણવમાં

શુભચંદ્રાચાર્યે પણ તેમનું સ્મરણ કરીને નમસ્કાર કર્યા છે. તેમણે ‘ઈષ્ટોપદેશ’ શાસ્ત્ર પણ રચ્યું છે; તેમણે રચેલી ‘सिद्धभक्ति’–જેમાં માત્ર ૯ શ્લોક છે છતાં ઘણા ગંભીર અર્થોથી ભરેલી છે અને સિદ્ધના સુખ વગેરેનું સ્વરૂપ તથા સિદ્ધિની પ્રાપ્તિનો માર્ગ સુંદર શૈલીથી બતાવ્યો છે, તે ટૂંકામાં ઘણું ભરી દેવાની તેમની અગાધશક્તિ સૂચવે છે. આ ઉપરાંત તેમને અનેક ઋદ્ધિ–લબ્ધિઓ હોવાનું પણ માનવામાં આવે છે. આવા સમર્થ અધ્યાત્મમસ્ત સન્તદ્વારા આ સમાધિશતક રચાયું છે; શ્રી પ્રભાચંદ્રસ્વામીએ તેની સુગમ ટીકા સંસ્કૃતમાં કરી છે. શાસ્ત્રમાં વારંવાર ભેદજ્ઞાનની ભાવના ઘૂંટી છે ને આત્માને સમાધિ–સુખ થાય તેવો ઉપદેશ કર્યો છે.

આવા આ શાસ્ત્ર ઉપર વૈશાખ વદ એકમથી શરૂ થયેલ વ્યાખ્યાન આજે શ્રાવણ સુદ પૂર્ણિમાએ (વીર સં. ૨૪૮૨ માં) વાત્સલ્યના દિવસે સમાપ્ત થાય છે; તે ભવ્યજીવોને આત્મિકસુખરૂપ પરમ સમાધિ આપો.


જિનકે ભક્તિ-પ્રસાદસે પૂર્ણ હુઆ વ્યાખ્યાન,
સબકે ઉરમંદિર વસો પૂજ્યપાદ ભગવાન.
પઢો સુનો સબ ગ્રન્થ યહ, સેવો અતિ હિત માન,
આત્મ-સમુન્નતિ બીજ જો કરો જગત કલ્યાણ.

(લેખકની પ્રશસ્તિઃ) પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીએ વીર સં. ૨૪૮૨માં સમાધિશતક ઉપર પ્રવચનો કર્યા, તેના શ્રવણ વખતે જાણે ઉપશાંત–અધ્યાત્મરસનું ઝરણું વહેતું હોય–એવી શાંતિ થતી હતી...અત્યંત સુગમ શૈલી, વારંવાર અંતર્મુખી આત્મભાવનાનું ઘોલન, વૈરાગ્યઝરતા શાંતશાંત મધુર ભાવો, એ બધાથી ભરપૂર પ્રવચનો તત્ક્ષણ જ સંસારના સર્વ સંકલેશોને શમાવીને અંતરમાં ચૈતન્યશાંતિના મધુરા વાતાવરણમાં આત્માને લઈ જતા હતા. આવા અત્યંત સુગમ વૈરાગ્યરસભીનાં આત્માભિમુખી પ્રવચનો સર્વ જિજ્ઞાસુઓને મહાન ઉપકારી હોવાથી ‘આત્મધર્મ’માં તેનો સાર આપવાનું ૧૧ વર્ષ પહેલાં (અંક ૧૫૮ થી) શરૂ કરેલ, તે આજે આ અંકમાં સમાપ્ત થાય છે. વીતરાગીસન્તોનું હાર્દ ખોલીખોલીને અને આત્મિકરસનું સીંચન કરી કરીને આ પ્રવચનો દ્વારા સમાધિના હેતુભૂત એવું પરમ આત્મજ્ઞાન ગુરુદેવે સમજાવ્યું છે, બહિરાત્મભાવ છોડવાની ને અંતરાત્મભાવ જાગૃત કરવાની વારંવાર પ્રેરણા આપી છે... આવા બોધિસમાધિદાતાર પૂ. ગુરુદેવના મંગલચરણોમાં નમસ્કાર હો.

–બ્ર. હરિલાલ જૈન

# * પહાડ બોલે છે *

ઈન્દ્રગિરિ પર્વત



શ્રવણ બેલગોલ

ભારતમાં કેટલાય એવા પર્વતો છે કે જે સેંકડો હજારો વર્ષ પૂર્વે આ ભરતભૂમિમાં વિચરતા વિતરાગી સન્તોના પવિત્ર પદાર્પણથી પાવન થયેલા છે. એ વીતરાગી સન્તોના સ્પર્શનથી તે પહાડો તીર્થ બની ગયા છે...અને ત્યાં વિચરેલા સન્તોની આત્મસાધનાની સાક્ષી આજે પણ આપી રહ્યા છે.

ભારતનો દક્ષિણપ્રદેશ એટલે તો, ભદ્રબાહુસ્વામી, કાર્તિકસ્વામી, કુંદકુંદસ્વામી ને સમન્તભદ્રસ્વામી તથા નેમિચંદ સિદ્ધાન્તચક્રવર્તી જેવા મોટા મોટા મુનિવરોની વિહારભૂમિ! દિગંબરસન્તો એ ભૂમિમાં ખૂબ વિચર્યા છે. દક્ષિણનું એવું એક ધામ શ્રવણબેલગોલા–કે જે વિશ્વપ્રસિદ્ધ બાહુબલીભગવાનની ભવ્યોન્નત પ્રતિમાને કારણે વધુ પ્રખ્યાત છે, ત્યાં ઈન્દ્રગિરિ અને ચંદ્રગિરિ એવા બે પહાડો સામસામે જાણે વીતરાગતાની વાતો કરતા ઊભા છે. આ બંને પર્વત એટલે જાણે બોલતા પહાડ! બંને પર્વત ઉપર મહાન મુનિવરોની પ્રશસ્તિના કેટલાય શિલાલેખો કોતરેલા છે; પર્વતની મૂળ જમીનનો કેટલોક ભાગ પણ શિલાલેખોથી છવાયેલો છે. અહા! જાણે કે પર્વતના હૃદયમાં એ મુનિવરોનાં ગુણગાન કોતરાઈ ગયા હોય! ને એ અક્ષરો દ્વારા જાણે તે પહાડ આજે આપણને એ ગુણગાથા સંભળાવી રહ્યો હોય! કેટલાય ઐતિહાસિક પ્રસંગો એ શિલાલેખોમાં ભરેલા છે. કુંદકુંદપ્રભુજી વગેરે સંતોની અનેક ગૌરવભરી વાત પણ એ શિલાલેખો દ્વારા પર્વત આપણને સંભળાવી રહ્યો છે...( સમયસારમાં એવા બે શિલાલેખ છપાયા છે. ) પૂજ્યપાદસ્વામીના મહિમા સંબંધી પણ અનેક શિલાલેખો તે પર્વત ઉપર કોતરેલા છે. તેમાંથી કેટલાક આપણે જોઈએ—

શિલાલેખ નં. ૪૦ કે જે શક સં. ૧૦૮૫માં (એટલે કે લગભગ ૮૦૦ વર્ષ પહેલાં) કોતરાયેલો છે તેમાં નીચે મુજબ ઉલ્લેખ છે—

यो देवनन्दि प्रथमाभिधानो, बुध्यामहत्या स जिनेन्द्रबुद्धिः।
श्री पूज्यपादोजनि देवताभिः यत्पूजितं पादयुगं यदीयम्।।

પ્રથમ જેનું નામ 'દેવનન્દી' હતું, બુદ્ધિની મહત્તાથી તેઓ 'જિનેન્દ્રબુદ્ધિ' કહેવાયા, અને દેવતાઓ વડે તેમના પાદયુગ પૂજિત થયા તેથી તેઓ 'પૂજ્યપાદ' નામથી પ્રસિદ્ધ થયા.

આવા જ આશયનો બીજો એક શિલાલેખ (નં. ૧૦૫) શક સં. ૧૩૨૦ નો છે.


શ્રવણબેલગોલનો ચંદ્રગિરિ પહાડ ૧૦૮ નંબરના શિલાલેખ દ્વારા બોલે છે કે શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ 'પૂજ્યપાદ' કહેવાયા; તેમના દ્વારા ઉદ્ધાર પામેલાં શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે; તેઓ જિનવત્ વિશ્વબુદ્ધિના ધારક (સમસ્ત વિદ્યામાં પારંગત) હતા, તેમણે કામને જીત્યો હતો તેથી ઉત્તમ યોગીઓએ તેમને 'જિનેન્દ્રબુદ્ધિ' કહ્યા છે.

વળી એ જ શિલાલેખના બીજા શ્લોક દ્વારા પર્વત આપણને તેમના વિદેહગમનની આનંદકારી વાત પણ સંભળાવે છે—

श्री पूज्यपादमुनिरप्रतिमौषर्द्धिः जीयात् विदेहजिनदर्शनपूतगात्रः।
यत्पादधौतजलसंस्पर्शप्रभावात् कालायसं किल तदा कनकीयकार।।

શ્રી પૂજ્યપાદમુનિ જયવંત વર્તો કે જેઓ અપ્રતિમ ઔષધિઋદ્ધિના ધારક હતા, વિદેહી જિનના દર્શનવડે જેમનું ગાત્ર પાવન થયું હતું, અને જેમના પગધોયેલા પાણીના સ્પર્શના પ્રભાવથી લોઢું પણ સુવર્ણ બન્યું હતું.

ભિન્નભિન્ન આચાર્યોના મહિમાને પ્રસિદ્ધ કરનારા આવા તો સેંકડો શિલાલેખો અને હજારો શ્લોકો પહાડ ઉપર અંકિત છે. શિલાલેખોના જે ક્રમનંબર અપાયેલા છે તેના ઉપરથી જ તેની વિપુલ સંખ્યાનો ખ્યાલ આવે છે. એ શિલાલેખોનો પરિચય 'આત્મધર્મ'ના પાઠકોને કોઈવાર કરાવીશું. અત્યારે તો કુંદકુંદપ્રભુના મહિમા સંબંધી બે શિલાલેખો–જેમાંથી એક ચંદ્રગિરિ પર અને બીજો વિંધ્યગિરિ અર્થાત્ ઈંદ્રગિરિ ઉપર—(એટલે કે જ્યાં બાહુબલી ભગવાનની ગગનચૂંબી મૂર્તિ છે તે પર્વત ઉપર) શિલાસ્થંભમાં કોતરેલા છે તેનો ઉલ્લેખ કરીને આ ટૂંકો લેખ સમાપ્ત કરીશું—



**શ્રવણબેલગોલ ચંદ્રગિરિ પર્વત ઉપરનો એક શિલાલેખ.**


આ શિલાલેખરૂપી જીભદ્વારા પર્વત આપણને કુંદકુંદાચાર્યદેવની ગૌરવગાથા સંભળાવે છે. લેખ કન્નડ લિપિમાં છે, ભાષા સંસ્કૃત છે. ગુરુદેવ સાથેની યાત્રા વખતે એક કન્નડ–વિદ્વાન પાસે આ શિલાલેખનો અગત્યનો ભાગ આપણે વંચાવ્યો હતો, ને તેમાં કુંદકુંદાચાર્ય દેવનો ઉલ્લેખ છે તે જાણીને સૌને ઘણો આનંદ થયો હતો.

वन्द्यो विभुर्भ्भुवि न कैरिह कौण्डकुंद:
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति विभूषिताश:।
यश्चारुचारणकराम्बुज चंचरीक:
चक्रे श्रुतस्य भरते प्रयत: प्रतिष्ठाम्।।

ચંદ્રગિરિ પરનો આ શિલાલેખ કહે છે કે–કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત છે, જેઓ ચારણઋદ્ધિધારક મહામુનિઓના સુંદર હસ્તકમળના ભ્રમર સમાન હતા, અને જે પવિત્ર આત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે કુંદકુંદવિભુ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી ? –અર્થાત્ પૃથ્વી પર વંદ્ય છે.

વિંધ્યગિરિ ઉપરના બીજા અસ્પષ્ટ લેખનો આશય એવો છે કે–યતીશ્વર શ્રી કુંદકુંદસ્વામી રજઃસ્થાનને (પૃથ્વીને) છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા, તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમજ બહારમાં રજથી પોતાનું અત્યંત અસ્પર્શીપણું (નિર્લેપપણું) વ્યક્ત કરતા હતા.

એ શિલાલેખોની ભાષા દ્વારા આ પર્વત આજેય ભક્તિથી વીતરાગી મુનિવરોનાં ગુણગાન ગાઈ રહ્યો છે. ઈન્દ્રગિરિ–ચંદ્રગિરિ જેવા પુનિત પર્વતોનો એ પ્રતાપ છે કે તેના



ઉપર કોતરાયેલાં આવા શિલાલેખો દ્વારા આજે સેંકડો–હજારો વર્ષ પહેલાંની આવી ઉત્તમ ઐતિહાસિક વાતો આપણે જાણી શકીએ છીએ. આ ઉપરાંત પર્વત ઉપર અતિપ્રાચિન વૈભવસંપન્ન જિનાલયો, બાહુબલીપ્રભુ જેવા વિશાળ જિનબિંબો વગેરેનું દર્શન અભણ માનવીને પણ જૈનશાસનનો અપાર મહિમા લક્ષગત કરાવે છે.– નમસ્કાર હો તે બોલતા પર્વતોને...

*

# પિતા-પુત્ર વચ્ચેનો વાદવિવાદ

મથાળું વાંચીને ભડકશો નહીં હો...અત્યારના કોઈ ઝગડાની વાત નથી...એ પિતા તો છે ભરતચક્રવર્તી; અને પુત્રો છે તેમના ૧૨૦૦ કુમારો–મધુરાજ, વિધુરાજ, પુરુરાજ વગેરે. ભરતચક્રવર્તી ચરમશરીરી સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા છે,–તો તેમના પુત્રો પણ કાંઈ તેમનાથી ઉતરે એવા નથી, ગમે તેમ તો તેઓ ઋષભદાદાના પૌત્રો છેને! તેઓ પણ ચરમશરીરી સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા છે. 'વ્યવહારરત્નત્રયથી સિદ્ધિ છે કે નિશ્ચયરત્નત્રયથી?'–તે બાબતમાં પિતા–પુત્રો વચ્ચે તત્વચર્ચા થાય છે. ભરતેશવૈભવમાં એ પ્રસંગનું મજાનું વર્ણન આવે છે; તે વાંચીને ગુરુદેવને ગમ્યું...તેથી તે પ્રસંગ અહીં આપવામાં આવ્યો છે. આપણા બાલસભ્યોને તત્ત્વઅભ્યાસ માટે તે ખાસ પ્રેરણાકારી છે.

આ પ્રસંગ જો કે વીસેક વર્ષ પહેલાં 'આત્મધર્મ'માં આવી ગયો છે. પણ આપણા બાલસભ્યોમાંથી ઘણાય તો તે વખતે પૂર્વ ભવમાં હતા; એટલે એમના પૂર્વભવ વખતે આત્મધર્મમાં આવેલ વાતની તેમને ક્યાંથી ખબર હોય? તેથી તેમને માટે આ લેખ ફરી અહીં આપ્યો છે. (સં.)

હંમેશની જેમ સમ્રાટ ભરત મહેલમાં બેઠા છે. પાસે નમિરાજ, વિનમિરાજ (ભરતના પુત્રોના મામા) તથા તેમના સેંકડો પુત્રો બેઠા છે.

ભરતે પૂછ્યું–આ કુમારોએ શું-શું અધ્યયન કર્યું છે? ત્યારે જવાબ મળ્યો કે–તેઓ શસ્ત્ર–શાસ્ત્રાદિ અનેક વિદ્યાઓમાં નિપુણ છે; વિદ્યાધરોને ઉચિત અનેક વિદ્યાઓ તેમણે સિદ્ધ કરી છે, અને તેઓ સમ્યક્દર્શનાદિથી પણ સંયુક્ત છે. ભરતે તે કુમારોને ત્યાં બેસાડીને પોતાના પુત્રોને પણ બોલાવ્યા. ભરતના સેંકડો પુત્રો પંક્તિબદ્ધ થઈને ત્યાં આવવા લાગ્યા. પહેલાં મધુરાજ, વિધુરાજ નામના બે કુમારોએ આવીને પિતાના તથા માતાના ચરણમાં નમસ્કાર કર્યા અને બાકીના કુમારોએ પણ નમસ્કાર કર્યા. કુમારોમાં કોઈ પંદર વર્ષના છે, અને કોઈ તેથી પણ નાની ઉંમરના છે.

ભરતે પોતાના પુત્રોને કહ્યું–બેટા, તમે જરા તમારા શાસ્ત્રાનુભવને તો બતાવો. ત્યારે તે કુશળ કુમારોએ પોતાના શાસ્ત્રાનુભવને દર્શાવ્યો. ક્યારેક વ્યાકરણથી શબ્દસિદ્ધિ કરી, ક્યારેક ન્યાયશાસ્ત્રથી તત્ત્વસિદ્ધિ કરી, અને ક્યારેક એકધારાપ્રવાહી સંસ્કૃત બોલતા થકા આગમના તત્ત્વોનું પ્રતિપાદન કર્યું.

ભરતજી તેમના બોલવાથી પ્રસન્ન થયા; પરંતુ વિશેષ તત્ત્વચર્ચા કરાવવા ખાતર તે છૂપાવીને ફરીથી કહ્યું–કુમારો! લોકરંજનની જરૂર નથી, મોક્ષસિદ્ધિને માટે શું સાધન છે તે કહો. બીજી ગડબડ છોડીને એ બતાવો કે કર્મોનો નાશ કયા પ્રકારે થાય છે? તેના વિના આ બધું વ્યર્થ છે.

ભરતના પુત્રો નાની ઉંમરના હોવા છતાં પણ જ્ઞાની હતા, તત્ત્વોના જાણનાર હતા, તેઓ પણ તે ભવે મોક્ષ જનારા હતા. કુમારોએ જવાબ આપ્યો–પિતાજી! પહેલી ભૂમિકામાં ભેદરત્નત્રય આવે છે ખરા, પણ કર્મોનો નાશ તો અભેદરત્નત્રયને ધારણ કરવાથી જ થાય છે. અભેદરત્નત્રય જ કર્મોના નાશનો ઉપાય છે. જ્યારે અભેદરત્નત્રયવડે કર્મોનો નાશ થાય છે ત્યારે મોક્ષની સિદ્ધિ થાય છે.

ફરીથી ભરત મહારાજાએ પૂછ્યું કે–તે ભેદરત્નત્રયનું તથા અભેદરત્નત્રયનું સ્વરૂપ શું છે તે તો કહો.

ત્યારે પુત્રોએ કહ્યું :– જિનદેવ–ગુરુની ભક્તિ, તથા અનેક આગમશાસ્ત્રનું મનનપૂર્વક અધ્યયન કરવું વગેરે ભેદરત્નત્રય છે. (ભેદરત્નત્રયમાં શુભરાગ છે અને તે બંધનું કારણ છે.) તથા કેવળ પોતાના આત્મામાં લાગ્યા રહેવું તે નિશ્ચયરત્નત્રય (અથવા અભેદરત્નત્રય) છે અર્થાત્ કેવળ પોતાના આત્માની શ્રદ્ધા, પોતાના આત્માનું જ્ઞાન અને પોતાના આત્મામાં સ્થિરતા તે અભેદરત્નત્રય છે. અભેદરત્નત્રય વીતરાગરૂપ છે અને તે જ મોક્ષનું કારણ છે.

આ સાંભળી નમિરાજે કહ્યું–કુમારોનું કહેવું બિલકુલ ઠીક છે.

ચક્રવર્તીએ નમિરાજને પૂછ્યું–શું ઠીક છે? કહો તો ખરા!

નમિરાજે ઉત્તર આપ્યો કે, ભેદરત્નત્રય તે મુક્તિનું કારણ નથી, પણ શુદ્ધ આત્માની શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક તેમાં જ લીનતા કરવી તે અભેદરત્નત્રય શ્રેષ્ઠ મુક્તિમાર્ગ છે––એમ કુમારો કહેવા માગે છે, તે યથાર્થ છે.

ભરતજીએ પ્રશ્ન કર્યો–શું વ્યવહારથી જ પર્યાપ્તિ નથી? નિશ્ચયની શું જરૂરિયાત છે?

નમિરાજે કહ્યું–વ્યવહારથી સ્વર્ગની પ્રાપ્તિ થઈ શકે છે, પણ તેનાથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી. મોક્ષસિદ્ધિને માટે નિશ્ચયની આવશ્યકતા છે.

નમિરાજની વાત સાંભળીને ચક્રવર્તી પ્રસન્ન તો થયા પરંતુ પોતાના કુમારોની દૃઢતા જોવા માટે, તે છૂપાવીને કહ્યું કે–નમિરાજ! તમારી વાત મને પસંદ ન આવી, તમે બરાબર કહેતા નથી.

આ સાંભળતા જ ભરતના પુત્રો બોલી ઊઠયા કે–પિતાજી! અમારા મામાજી તો બરાબર જ કહી રહ્યા છે. આવી સીધી વાતને તમે કેમ કબુલતા નથી?

ભરતે કહ્યું– તમે કોઈ કારણે તમારા મામાનો પક્ષ કરી રહ્યા છો. રહેવા દ્યો, આ મારા બીજા પુત્રો આવી રહ્યા છે તેમને આ વાત પૂછીશું. તેઓ શું કહે છે તે જુઓ.

એટલામાં પુરુરાજ અને ગુરુરાજ એ બે કુમારો આવ્યા, તેમને ભરતજીએ પૂછયું ત્યારે તેઓએ પણ એમ જ કહ્યું કે નિશ્ચયરત્નત્રય જ મોક્ષનું કારણ છે. પણ ભરત કહે– હું તે સ્વીકારતો નથી.

એ પ્રમાણે બીજા અનેક કુમારો આવતા ગયા અને ભરત તેમને પૂછતા ગયા. બારસો કુમારોને પૂછયું પણ તે બધાયે દૃઢતાથી એક જ પ્રકારે ઉત્તર આપ્યો. છેવટે સૌથી મોટા કુમારો અર્કકીર્તિ, આદિરાજ અને વૃષભરાજ આવ્યા. ભરતજીએ તેમને પ્રશ્ન કર્યો કે–બેટા, મારી અને તમારા મામાની વચ્ચે એક વિવાદ ઉપસ્થિત થયો છે, તેનો નિર્ણય તમારે આપવો જોઈએ.

કુશળ કુમારો વચમાં જ બોલી ઊઠયા–પિતાજી! આપના અને મામાજીના વિવાદમાં વચ્ચે પડવાનો અમારો અધિકાર નથી. આપ લોકો શ્રી આદિનાથ દાદાના દરબારમાં જઈ શકો છો, ત્યાં સર્વ નિર્ણય થઈ જશે.

સમ્રાટે કહ્યું–આ તો સાધારણ વાત છે, તમે સાંભળો તો ખરા. કુમારો! મુક્તિ માટે આત્મધર્મ અર્થાત્ નિશ્ચયરત્નત્રયની શું આવશ્યકતા છે? શું વ્યવહાર કે બાહ્યધર્મ જ પર્યાપ્ત નથી? આ નમિરાજ કહે છે કે–સ્થૂળધર્મથી (વ્યવહારધર્મથી) સ્વર્ગની પ્રાપ્તિ થાય છે,–મોક્ષની પ્રાપ્તિ તેનાથી થતી નથી, આત્મધર્મથી (નિશ્ચયધર્મથી) મુક્તિની પ્રાપ્તિ થાય છે.–આ સંબંધમાં તમારો શું મત છે તે જણાવો.

આ સાંભળતાં જ તે પુત્રો આશ્ચર્યચકિત થઈ ગયા. મનમાં સોચવા લાગ્યા કે– અરે આ શું! પિતાજી તો અમને હંમેશા કહ્યા કરતા હતા કે મુક્તિને માટે આત્માનુભવ એ જ મુખ્યસાધન છે, અને આજે તેનાથી ઊલટું આ શું કહી રહ્યા છે!! આનું કારણ શું

હશે! પુત્રોનો સંકોચ જોઈને ભરત બોલ્યા–પુત્રો! તમે સંકોચ ન રાખો, જે સત્ય હોય તે કહો.

ત્યારે કુમારો દ્રઢતાપૂર્વક બોલ્યા–પિતાજી! નિશ્ચયરત્નત્રય એ જ મોક્ષનું કારણ છે. વ્યવહારધર્મ તો શુભરાગ છે, તે મોક્ષનું કારણ નથી; મામાજીની વાત બિલકુલ સત્ય છે, આપે પણ તે મંજુર કરવી જોઈએ.

છેલ્લા કુમારોની દ્રઢતા જોઈને ચક્રવર્તીએ કહ્યું–બેટા, મને એમ હતું કે તમારા કુંવારા ભાઈઓએ તો મામાનો પક્ષ ગ્રહણ કર્યો પરંતુ તમે અવશ્ય મારા પક્ષમાં રહેશો. પરંતુ તમે પણ મામાનો જ પક્ષ ગ્રહણ કર્યો...અચ્છા! તમારી મરજી!

કુમારો બોલ્યા પિતાજી અમે જૂઠ કેમ બોલી શકીએ? અમને જે સત્ય લાગ્યું તે જ કહ્યું છે. સત્ય વાત તો આપે પણ સ્વીકારવી જોઈએ.

કુમારોની વાત સાંભળીને ભરતચક્રવર્તી પ્રસન્ન થયા, અને નમિરાજ પ્રત્યે કહેવા લાગ્યા–જુઓ, ગમે તેમ તોય આ બધા શ્રી ભગવાન આદિનાથ સ્વામીના પૌત્રો છે! તેમનું શું વર્ણન કરું! સાક્ષાત પિતા હોવા છતાં પણ તેઓએ મારો પક્ષ ગ્રહણ કરીને વાત ન કરી, પણ જે યથાર્થ મોક્ષમાર્ગ છે તે જ તેઓએ કહ્યો. આથી તેમની તત્ત્વજ્ઞાનની દ્રઢતા અને સત્યપ્રિયતા છે તે જણાયા વગર રહેતી નથી.

* * *

અહા, ધન્ય છે તે ધર્મકાળ અને ધન્ય તે ધર્માત્માઓ! જ્યારે પારણામાંથી જ બાળકોને તત્ત્વનું સીંચન મળતું, સાચું તત્ત્વજ્ઞાન ઘેર ઘેર મળતું અને તે આત્માઓ પણ કુમારવયથી જ તત્ત્વના પ્રેમીઓ હતા, તત્ત્વજ્ઞાન એ તેઓના જીવનનું મુખ્ય અંગ હતું... આજે...પણ...

હજી તત્ત્વજ્ઞાનનો સર્વથા વિચ્છેદ નથી થયો, સત્પુરુષોની પરમ કરુણાથી આજે પણ સત્ય તત્ત્વનો ધોધ ભારતમાં વહી રહ્યો છે...ભારતના આજના કુમારો પણ ભરતના પુત્રોની જેમ તત્ત્વજ્ઞાનમાં રસ લેતા બનો.

**(જુઓ-ભરતેશવૈભવ ભાગ ૨ પૃ. ૨૨૪-૨૨૮)**

# શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત

( જન્મશતાબ્દિ-લેખમાળા : લે.૬ )

( ૩૧૩ ) “ધર્મ” એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્યસંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર્સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. તે અંતરસંશોધન કોઈક મહાભાગ્ય સદ્ગુરુ અનુગ્રહે પામે છે. ( ૪ )

( ૩૧૪ ) એક ભવના થોડા સુખને માટે અનંત ભવનું અનંત દુઃખ નહિ વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે. ( ૪૭ )

( ૩૧૫ ) કોઇ પણ પ્રકારે સદ્ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેનીજ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિકવાસનાનો અભાવ થશે એમ સમજવું. ( ૧૬૬ )

( ૩૧૬ ) મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે. ( ૧૬૬ )

( ૩૧૭ ) સત્પુરુષ એજ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગસ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. ( ૭૬ )

( ૩૧૮ ) પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીઓ જોકે મહા જ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં; એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં; પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે. જેમ દૂરના ક્ષીર સમદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં. પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે. ( ૪૬૬ )

( ૩૧૯ ) જીવે ધર્મ પોતાની કલ્પના વડે અથવા કલ્પનાપ્રાપ્ત અન્ય પુરુષવડે શ્રવણ કરવાજોગ, મનન કરવાજોગ કે આરાધવાજોગ નથી. માત્ર આત્મસ્થિતિ છે જેની એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મ શ્રવણ કરવાજોગ છે, યાવત્ આરાધવાજોગ છે. ( ૪૦૩ )

( ૩૨૦ ) પૂર્વે થઈ ગયેલા મોટા પુરુષનું ચિંતન કલ્યાણકારક છે; તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી; કારણ કે જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી

સમજાતું. પ્રત્યક્ષ જોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ, અને તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષ ચિંતનનું ફળ મોક્ષ હોય છે. કારણકે મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે. ( ૨૪૯ )

( ૩૨૧ ) સદ્ધર્મનો જોગ સત્પુરુષ વિના હોય નહિ; કારણકે અસત્‌માં સત્ હોતું નથી. ( ૨૪૯ )

( ૩૨૨ ) કેમ આપણે માનીએ છીએ, અથવા કેમ વર્તીએ છીએ તે જગતને દેખાડવાની જરૂર નથી; પણ આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુક્તિને ઈચ્છે છે તો સંકલ્પ–વિકલ્પ રાગ–દ્વેષને મૂક અને તે મૂકવામાં તને કાંઈ બાધા હોય તો તે કહે; તે તેની મેળે માની જશે અને તે તેની મેળે મૂકી દેશે. ( ૩૭ )

( ૩૨૩ ) જ્યાંત્યાંથી રાગ–દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે; અને તે તમને અત્યારે બોધી જઉ છું. ( ૩૭ )

( ૩૨૪ ) ઉપયોગ એ જ સાધના છે. ( ૩૭ )

( ૩૨૫ ) નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું; સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું; સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું; તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું. –આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય, પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતનાં હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહામાર્ગ છે. અને એ સાધવાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે.

અધિક શું લખવું ? આજે, ગમે તો કાલે, ગમે તો લાખ વર્ષે અને ગમે તો તેથી મોડે અથવા વહેલે, એજ સૂઝયે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ પ્રદેશે મને તો એજ સમ્મત છે. ( ૧૭૨ )

( ૩૨૬ ) આત્મા વિનયી થઈ સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યો છે તે મહાત્માઓની જાતિની રિદ્ધિ છે, તે જાતિની રિદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય. ( ૫૫ )

# ‘પરમાત્મપ્રકાશ’ની ટીકાનું મંગલાચરણ

चिदानन्दैकरुपाय जिनाय परमात्मने।
परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः।।१।।

ગતાંકમાં આપેલો આ શ્લોક “પરમાત્મપ્રકાશ’ની શ્રી બ્રહ્મદેવરચિત સંસ્કૃત ટીકામાં પહેલો શ્લોક છે : તેમાં મંગલાચરણ તરીકે નમસ્કાર કરતાં કહે છે કે–પરમાત્મ–સ્વરૂપને પ્રકાશવા માટે શ્રી જિન પરમાત્માને નિત્ય નમસ્કાર હો–કે જેઓ ચિદાનંદ એકરૂપ છે અને સિદ્ધસ્વરૂપ છે અર્થાત્ જેમનો આત્મા કૃતકૃત્ય છે. અથવા, તે સિદ્ધ–આત્માને નિત્ય નમસ્કાર હો–કે જ્ઞાન ને આનંદ જ જેનું એક રૂપ છે, જેઓ જિન છે અને પરમાત્મા છે. –તેમને પરમાત્મસ્વરૂપના પ્રકાશને માટે નમસ્કાર હો.

સમયસારની શૈલીને અનુસરનારું આ ‘પરમાત્મપ્રકાશ’ અત્યંત સુગમ અધ્યાત્મશાસ્ત્ર છે. શ્રી યોગીન્દુસ્વામીએ લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં પહેલા પ્રકરણમાં અંતરાત્મા બહિરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ સમજાવ્યું છે, ને બીજા પ્રકરણમાં મોક્ષમાર્ગનું તથા મોક્ષનું સુંદર–સુગમ પ્રતિપાદન છે. તેમાં પણ શરૂઆતની સાત ગાથાઓ દ્વારા ત્રણકાળના સિદ્ધભગવંતો સહિત પંચપરમેષ્ઠી ભગવંતોને ભાવથી ફરીફરીને નમસ્કાર કરીને, દુઃખથી ભયભીત શિષ્ય શ્રીગુરુ પાસે વિનતિ કરે છે કે હે સ્વામી! આ સંસારમાં વસતા મારો અનંતકાળ વીતી ગયો, પણ હું જરાપણ સુખ ન પામ્યો, મહાન દુઃખ જ પામ્યો; માટે હે પ્રભો! ચતુર્ગતિના દુઃખથી સંતપ્ત એવા મને, ચારગતિના દુઃખનો વિનાશ કરનાર એવું જે પરમાત્મતત્ત્વ છે તે કૃપા કરીને કહો. –આવી ભાવભીની મંગલ–ભૂમિકા ઘણી આનંદકારી છે. પછી આગળ જતાં મોક્ષસુખ સમજાવવા માટે પશુનો દાખલો આપીને કહે છે કે–જો મોક્ષમાં ઉત્તમ સુખ ન હોત તો પશુ પણ બંધનમાંથી છૂટકારાની ઇચ્છા કેમ કરત ? જુઓ, બંધનમાં બંધાયેલા વાછરડાને પાણી પાવા માટે બંધનથી છોડવા જાય ત્યાં છૂટકારાના હરખથી તે કુદાકુદ કરવા માંડે છે; અહા, છૂટવાના ટાણે ઢોરુનું બચ્ચું પણ હોંશથી નાચી ઊઠે છે. તો અરે જીવ! અનાદિકાળથી

અજ્ઞાનભાવે આ સંસારના બંધનમાં બંધાયેલો તું, અને હવે આ મનુષ્યભવમાં સત્સમાગમે એ સંસારબંધનથી છૂટવાના (મોક્ષને સાધવાના) તને ટાણાં આવ્યા, સન્તો તને તારા મોક્ષની વાત સંભળાવે, –અને એ સાંભળતાં છૂટકારાના આનંદથી તારું હૈયું જો નાચી ન ઊઠે–તો તું પેલા વાછરડામાંથી પણ જાય તેવો છે ! અહા, મોક્ષના પરમસુખની વાત જ્ઞાની પાસેથી સાંભળતાં કયા આત્માર્થી જીવને અંતરમાં હોંશ ને ઉલ્લાસ ન આવે! સત્સ્વભાવના ઉલ્લાસથી અલ્પકાળમાં તે જીવ મુક્તિને સાધ્યા વગર રહે નહીં.

પરમાત્મપ્રકાશની ટીકામાં છેલ્લે શાસ્ત્રના તાત્પર્ય તરીકે શુદ્ધાત્માની ભાવના નિરંતર કરવાનું કહ્યું છે. કેવી ભાવના કરવી તે ત્યાં બહુ સરસ રીતે બતાવ્યું છે. (એ શુદ્ધાત્મભાવના ઉપર ગુરુદેવે કરેલા ખાસ પ્રવચન માટે જુઓ આત્મધર્મ અંક ૪૯)

**શોધે છે શું કિનારે મોતીને શોધનારા ?**
**કોડીને શંખલીઓ દેશે તને કિનારા.**
**વસ્તુ કદી મોંઘી ય મળતી નથી સહજમાં,**
**મોતીને મેળવે છે મજધાર ડૂબનારા.**

(જયેન્દ્ર મહેતા)

(અહીં વિકલ્પરૂપી કિનારો, રત્નત્રય રૂપી મોતી ને સ્વાનુભૂતિરૂપી સમુદ્ર–એમ લક્ષગત કરીને ઉપરની પંક્તિ ફરી વિચારો.)

जीवन में सुख दुःखादिक का,
चक्र निरंतर फिरता है ।

मानव-पद के गुण-गौरव का
सफल परीक्षण करता है ।

वीर पुरुष की संकट में भी,
धर्म-भावना बढती है ।

उलटी करने पर भी अग्नि-
ज्वाला ऊपर चढती है ।

[ ‘अमरभारती’ से साभार ]




- ધ્રાંગધ્રાવાળા શાહ રમણિકલાલ પદમશી અમદાવાદમાં તા.૨૫–૧૨–૬૭ ના રોજ કરુણ રીતે સ્વર્ગવાસ પામી ગયા. બાવળા–બગોદરાની વચ્ચે વેરભાવથી કોઇએ તેમને જીવતા સળગાવી દીધા. તેમની ઉમર ૪૪ વર્ષની હતી. તેમની માતા ઘેલીબેન સોનગઢમાં રહે છે, ને તેઓ પણ સોનગઢ ગુરુદેવના દર્શનાર્થે આવવાની તૈયારીમાં હતા –એવામાં આ કરૂણ બનાવ બની ગયો. તેમનો નાનો ભાઈ અમૃતલાલ પણ નાનો હતો ત્યારે સોનગઢમાં રહીને તત્ત્વનો અભ્યાસ કરતો હતો. સદ્ગત આત્મા દેવગુરુધર્મના શરણે શાંતિ પામો, –સંસાર તો આવો છે....તેમાં હે જીવ ! તું ઊંઘીશ મા.

- પોરબંદરના ભાઈ શ્રી મણિલાલ જગજીવનદાસ (સોનગઢના મોટાબેન સમરતબેનના જમાઈ) તા.૧૪–૨–૬૮ ના રોજ પોરબંદર મુકામે હૃદયરોગની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. થોડા વખત પહેલાં તેઓ સોનગઢ આવેલ ને કેટલોક વખત રહેલા; ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો, તથા સોનગઢનું શાંતિમય વાતાવરણ તેમને ગમતું અને કાયમ સોનગઢ આવીને રહેવાની તેમની ભાવના હતી. પણ તે ભાવના પૂરી થાય ત્યાર પહેલાં તેમનો સ્વર્ગવાસ થઈ ગયો. અંતસમયે તેઓ ગુરુદેવનું રટણ કરતા હતા ને ‘સહજાનંદી શુદ્ધસ્વરૂપી’ નું સ્મરણ કરતા હતા. તેમનો આત્મા વીતરાગી દેવ–ગુરુ–ધર્મનો સત્સંગ પામીને આત્મહિત સાધો–એ જ ભાવના.

- રાજકોટના ભાઇશ્રી મોહનલાલ મગનલાલ તુરખીયાના માતુશ્રી (સોનગઢના પારવતીબેનના માતુશ્રી) રળીયાતબેન તા.૧૬–૨–૬૮ ના રોજ સોનગઢ મુકામે લગભગ એકસો વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. ઘણા વખતથી તેઓ સોનગઢ હતા; સ્વર્ગવાસના બે દિવસ અગાઉ ગુરુદેવ તેમને દર્શન દેવા પધારેલા તેથી તેઓ પ્રસન્ન થયા હતા. અને છેવટ સુધી ધર્મનું શ્રવણ કરતા હતા. દેવ–ગુરુ–ધર્મના શરણે તેઓ આત્મહિત પામો.

- વઢવાણના ભાઈશ્રી અમુલખ વેલશીના ધર્મપત્ની શ્રી સુરજબેન મુંબઈમાં શીવ મુકામે તા.૧૦–૨–૬૮ ના રોજ કેન્સરની બીમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. જો કે તેમને સોનગઢનો વિશેષ પરિચય ન હતો છતાં અંતિમ દિવસોમાં મુંબઈના મુમુક્ષુ ભાઈ બહેનો દ્વારા ધર્મચર્ચાનું શ્રવણ કરતા તેઓ ખૂબ આનંદિત થતા, ને દેહની તીવ્ર વેદના છતાં તેઓ સતત સાંભળતા તથા ગુરુદેવનો ફોટો જોઈને ભક્તિ વ્યક્ત કરતા હતા, ગંભીર દરદમાં પણ તત્ત્વજ્ઞાનની આવી અસર દેખીને ડોકટર તેમજ ઘણા માણસો પ્રભાવિત થયા હતા. શ્રી સૂરજબેન વીતરાગી દેવ–ગુરુની ભક્તિમાં આગળ વધીને આત્મહિત પામો.

# – જે થાય તે સારા માટે –

આપણા ગુરુદેવને એક મોટા ભાઈ હતા, તેમનું નામ ખુશાલભાઈ; તેમને વારંવાર એમ બોલવાની ટેવ હતી કે ‘જે થાય તે સારા માટે !’ એ વાત પ્રસંગવશ ગુરુદેવે ચર્ચામાં યાદ કરી, ત્યારે તે સાંભળતાં થયું કે વાહ! જગતમાં જે કાંઈ પ્રસંગ બને તેમાં ‘જે થાય તે સારા માટે’ એ વાત લાગુ પાડીને તેમાંથી પોતાનું હિત શોધી લ્યે તો જીવને કેટલી શાંતિ ને સમાધાન રહે! આ સંબંધમાં થોડાક પ્રસંગ વિચારીએ; જેમ કે–

**સીતાજીની અગ્નિપરીક્ષા થઈ તે સારા માટે,**
**એમને જલ્દી અર્જિકા થવાનો અવસર આવ્યો.**
**સજ્જનની કોઈ નિંદા કરે તો સારા માટે,**
**એને વૈરાગ્ય અને જાગૃતી રહ્યા કરે.**
**સુદર્શન-ધર્માત્માની કસોટી થઈ તે સારા માટે,**
**એને સંસારથી વિરક્ત થઈને મુનિપણાનો ને**
**કેવળજ્ઞાનનો જલ્દી અવસર આવ્યો.**

આ સંબંધમાં બીજી એક લોકકથા યાદ આવે છે : એક હતો રાજા. એને એક દીવાન; જ્યારે હોય ત્યારે એ સમાધાનપ્રિય દીવાનને પણ આપણા ખુશાલભાઈની માફક એમ બોલવાની ટેવ કે ‘ જે થાય તે સારા માટે.’ હવે એકવાર એવું બન્યું કે રાજા અને દીવાન બંને વનમાં ગયેલા, ત્યાં કાંઇક થતાં રાજાની એક આંગળી કપાઈ ગઈ; ને સહજભાવે દીવાનથી બોલાઈ ગયું કે– ‘જે થાય તે સારા માટે !’

રાજા તો મનમાં સમસમી ગયો....એક તો આંગળી કપાણી, ને ઉપરથી દીવાને કહ્યું કે જે થાય તે સારા માટે! –એટલે રાજાને તો એવી ખીજ ચઢી કે દીવાનને ઉપાડીને ફેંકયો કૂવામાં.

પછી રાજાએ કૂવામાં ડોકિયું કર્યું તો દીવાનજી કૂવામાં પડયા પડયા પણ કહે છે કે મહારાજ! જે થાય તે સારા માટે!’

રાજા તો એની મુર્ખાઈ ઉપર હસતા હસતા ચાલ્યા ગયો. થોડે દૂર ગયો ત્યાં તો જંગલના ક્રૂર ભીલોએ એ રાજાને પકડયો. બીજે દિવસે નરબલી ચડાવવાનો હતો;

નરબલી તરીકે રાજા મળતાં તેઓ ઘણા ખુશી થયા; ને બીજે દિવસે તે રાજાનો વધ કરવાની તૈયાર કરવા લાગ્યા; મારવા માટે તલવાર ઉગામી; એવામાં એક ભીલની નજર તેની આંગળી ઉપર ગઇ, ને તે બોલી ઊઠયો–ઊભા રહો! આ મનુષ્યનું બલિદાન નહીં ચાલે, કેમકે તેને એક આંગળી ઓછી છે; ને ઓછા અંગવાળાનું બલિદાન આપી શકાય નહીં. –નહિ તો અપશુકન થાય. માટે આને છોડી મૂકો. –ને ભીલોએ તે રાજાને છોડી મુકયો.

રાજાને તરત ખ્યાલ આવ્યો કે અત્યારે મારી આંગળી કપાયેલી હતી તેથી હું બચ્યો; આંગળી પૂરી હોત તો હું બચી શકત નહિ. માટે જે થયું તે સારા માટે–એ બરાબર છે.

હવે અહીંથી છૂટીને રાજા હર્ષથી દીવાન પાસે ગયો ને કહ્યું–જે થાય તે સારા માટે' એ વાત મારા માટે તો બરાબર નીકળી, પણ દીવાનજી! તમને તો કૂવામાં નાંખ્યા, છતાં જે થાય તે સારા માટે એમ તમે કેમ કહ્યું?

દીવાન કહે છે કે–મહારાજ! જો આપે મને કૂવામાં ન ફેંકયો હોત તો આપની સાથે ભીલોએ મને પણ પકડયો હોત, ને તમારા બદલે મારું બલિદાન દેવાયું હોત! –પણ હું કૂવામાં પડેલો હોવાથી બચી ગયો...માટે– ' જે થાય તે સારા માટે.'

આ તો એક સ્થૂળ દ્રષ્ટાંત છે. જીવનમાં દરેકને ચિત્ર–વિચિત્ર પ્રસંગો બનતા જ હોય છે, પણ તે સર્વ પ્રસંગોની વચ્ચે પોતાના પરિણામોનું સમાધાન ટકાવી રાખવું, અને તેમાંથી આત્મહિતના જ માર્ગની પ્રેરણા મેળવવી તે મુમુક્ષુનું મુખ્ય કામ છે. સુખ–દુઃખના કોઈ પ્રસંગમાં કાયર થઈને બેસી રહેવું તે મુમુક્ષુનું કામ નથી, પણ પરિણામના અત્યંત ધૈર્યપૂર્વક વીરસન્તોના માર્ગને વીરતાપૂર્વક વળગી રહેવું, –ને એ રીતે જે કોઈ પ્રસંગ હોય તેને પોતાના સારા માટે જ ગોઠવી દેવો ...તેમાંથી પોતાનું હિત તારવી લેવું, ને હિત માટેનો ઉત્સાહ મજબુત કરવો તે મુમુક્ષુનું કામ છે.

આ જીવન કાંઈ દુઃખો માટે નથી, પાપ માટે નથી, પણ ચૈતન્યની મહાન આરાધના માટે જીવન છે, સુખ માટે જીવન છે, વીતરાગી પવિત્રતા પ્રાપ્ત કરવા માટે મુમુક્ષુનું જીવન છે. અને જ્યાં સન્તચરણમાં સાચી મુમુક્ષુતા છે, ત્યાં જે થાય તે સારા માટે જ છે.

( 'સદ્ગુરુદેવના સાન્નિધ્યમાં મારી નિત્યનોંધ'માંથી. )

# સર્વ–જ્ઞ

માહ વદ બીજની સવારની
સરસ ચર્ચાનો નમુનો

– સર્વજ્ઞનો ધર્મ ત્યાં છે કે જ્યાં સર્વજ્ઞસ્વભાવની પ્રતીત છે.

– 'સર્વ–જ્ઞ' –બધાના જાણનાર, 'સર્વ પદાર્થો–તેને જાણનાર કોઈ નથી' એમ સર્વજ્ઞ હોવાની કોઈ ના પાડે તો, 'સર્વજ્ઞેયો' નો તેણે પોતે તો સ્વીકાર કર્યો કે નહિ? – અરે, જે જ્ઞેયોને તું સ્વીકારી શકે છે તેને બીજા ન જાણી શકે–એમ તું કઈ રીતે નિષેધ કરી શકે? 'સર્વ પદાર્થ છે" એમ તું બોલે છે, ને તેને જાણનાર કોઈ નથી– એમ કહેવું તે તો પરસ્પર વિરુદ્ધ છે.

– હે ભાઈ! 'સર્વ' વસ્તુના અસ્તિત્વને તું સ્વીકારે છે ને તેના 'જ્ઞાન' નું અસ્તિત્વ નથી સ્વીકારતો, તો તને 'જ્ઞાનસમય' ની ખબર જ નથી, એટલે સર્વને જાણવાની શક્તિવાળા આત્માને તેં જાણ્યો નથી.

– સામે એક સાથે 'સર્વ' વસ્તુ છે, તો અહીં તેને એકસાથે જાણવાના સામર્થ્યવાળું જ્ઞાન ( એટલે કે સર્વજ્ઞતા ) પણ છે; અને વાણીમાં પણ એમ આવે છે કે 'આત્મા સર્વજ્ઞ છે.' –આ રીતે અર્થ સમય, જ્ઞાનસમય ને શબ્દસમય–એ ત્રણેમાં પૂર્ણતા છે.

– જ્ઞાનની પૂર્ણતા એટલે કે સર્વજ્ઞસ્વભાવ, તેને સ્વીકાર્યા વગર જ્ઞેયોની પૂર્ણતાને ( સર્વજ્ઞેયોને ) કે તેની વાચક એવી સર્વજ્ઞની વાણીને યથાર્થપણે જાણી શકાય નહિ.

– સામે બધા જ્ઞેય, અહીં બધું જ્ઞાન,

– તેમાં વચ્ચે રાગ રહેતો નથી; કેમકે

– પૂરા જ્ઞાનમાં રાગ હોય નહીં.

– સર્વજ્ઞાન ને સર્વજ્ઞેય, તેનું અસ્તિત્વ સ્વીકારનારને રાગ તે જ્ઞેયોમાં જાય છે, પોતાનું અસ્તિત્વ પૂરા જ્ઞાનપણે જ રહે છે.

– જ્ઞાનપણે જ પરિણમતો તે પોતાની સર્વજ્ઞતાને સાધી લ્યે છે.

– આત્માનું સર્વજ્ઞસ્વરૂપ જેવું છે તેવું નિર્ણયમાં લઈને, અંતર્મુખ ઉપયોગવડે દ્રવ્ય સાથે પર્યાયની એકતા કરીને જાણે ત્યારે આત્માનું સ્વરૂપ સાચું જાણ્યું કહેવાય. સ્વસન્મુખ એકતા વગર, એકલા પરલક્ષે આત્માનું સાચું જ્ઞાન થાય નહિ,

– સ્વસંવેદન થતાં અંતરમાંથી એવું જ્ઞાન ખીલ્યું કે ખાતરી થઈ ગઈ કે અહો! હું તો જ્ઞાનનો જ પિંડ છું. અગાધ જ્ઞાનસામર્થ્યથી હું ભરેલો છું. –આવા જ્ઞાનનું વેદન થતાં જ રાગના વેદનથી અત્યંત ભિન્નતા થઈ. તે જ્ઞાન મોક્ષ તરફ ચાલ્યું.

# જ્ઞાનચર્ચા

અજ્ઞાની જીવ જ્ઞાનની પ્રસિદ્ધિ વગર એકલા જ્ઞેયને પ્રસિદ્ધ કરવા માંગે છે–તે તો પોતાની નાસ્તિ જેવું થયું! હે મૂઢ! 'સર્વ પદાર્થ છે પણ તેનું જ્ઞાન નથી' –તો સર્વ પદાર્થની પ્રસિદ્ધિ કરી કોણે? –સર્વ પદાર્થ છે–એમ જાણ્યું કોણે? જેમ દશ મૂરખા પોતે પોતાને ગણતાં ભૂલી ગયા, ને કહે કે અમે નવ છીએ, એક (હું) ખોવાઈ ગયો! –એવી જ મૂર્ખતા તું કરે છે. સર્વ પદાર્થ હોવાની હા પાડવી ને સર્વજ્ઞતાની ના પાડવી–એ તો એવી મૂર્ખતા થઈ કે–પરદ્રવ્ય છે પણ હું નથી.

અરે, 'હું નથી' એમ કોણ કહે છે ? –એમ કહેનાર પોતે જ તું છો. શ્રીમદ્ રાજચંદ્રજી નાની વયમાં લખે છે કે–

**કરી કલ્પના દ્રઢ કરે નાના નાસ્તિવિચાર,**

**પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર.**

'હું નથી, આત્મા નથી' એવા નાસ્તિપણાના વિચાર જે ભૂમિકામાં ઊઠે છે ત્યાં જ તું છો; એટલે નાસ્તિનો વિચાર તે પણ વિચાર કરનારની અસ્તિ સૂચવે છે. તારી અસ્તિ વિના 'નાસ્તિ' નો વિચાર કર્યો કોણે? તારા વગર કયે ઠેકાણે એ વિચાર ઊઠયો ?

હવે જ્ઞેયોને જાણનાર 'હું જ્ઞાન છું' એમ સ્વીકારનાર પર્યાય પણ અંતર્મુખ થઇને પોતાના આખા જ્ઞાનસ્વભાવને પ્રસિદ્ધ કરે છે. અને એ રીતે જ્ઞાનસ્વભાવને પ્રસિદ્ધ કરનારી પર્યાય ઇંદ્રિયોથી ને રાગથી અધિક છે, એટલે કે ઇંદ્રિયો તથા રાગને બાદ કરતાં પણ જ્ઞાન પોતાના સ્વરૂપે ટકી રહેનારું છે. ઇંદ્રિયોના અભાવમાં જ્ઞાનનો અભાવ નથી, રાગના અભાવમાં જ્ઞાનનો અભાવ નથી; કેમકે આત્મા સ્વયં જ્ઞાનસ્વરૂપ છે; ઇન્દ્રિયો કે રાગ તે કાંઈ જ્ઞાનસ્વરૂપ નથી, જ્ઞાનથી ભિન્ન છે. અત્યારે પણ જ્ઞાનનું પરિણમન તેમનાથી જુદું જ વર્તે છે.

આ રીતે ઇંદ્રિયોથી ને રાગથી રહિત જ્ઞાનને જાણ્યું ત્યાં તેમનાથી ખસીને જ્ઞાનની પર્યાય પોતાના જ્ઞાનસ્વભાવમાં જ લીન થઈ; –સર્વજ્ઞસ્વભાવ સાથે તેની એકતા થઈ એટલે તે પર્યાયમાં સર્વજ્ઞની શંકા ન રહી. સર્વજ્ઞસ્વભાવમાં અભેદ થતી તે પરિણતિનો પ્રવાહ કેવળજ્ઞાન તરફ ચાલ્યો.




# પાંચ પ્રશ્નોના જવાબ

(૧) તીર્યંચને તો પાંચ છે, દેવ–નારકને ચાર; મનુષ્યને તો ચૌદ છે. એનો કરો વિચાર. –એ ગુણસ્થાનો છે; તિર્યંચને એકથી પાંચ ગુણસ્થાન હોઈ શકે છે. દેવ અને નારકીજીવોને એકથી ચાર ગુણસ્થાન હોઈ શકે છે; અને મનુષ્યજીવોને એકથી ચૌદ–બધાય ગુણસ્થાનો હોઈ શકે છે. –આથી જ મનુષ્યગતિને ઉત્તમ ગણી છે. મુનિદશા, કેવળજ્ઞાન એવા ઉત્તમ પદ મનુષ્યગતિમાં જ છે.

(૨) અરિહંત ભગવાન એવા છે કે તેમને સમસ્ત શ્રુતનું જ્ઞાન છે. પણ તેમને શ્રુતજ્ઞાન નથી, તેમને તો કેવળજ્ઞાન છે.

(૩) સમ્યગ્દ્રષ્ટિ–સાધક મહાત્મા એવા છે કે તેમને શ્રુતજ્ઞાન છે અને શ્રુતનું પણ સાચું જ્ઞાન છે.

(૪) જગતમાં સિદ્ધભગવાન ઝાઝા છે ને મનુષ્યો થોડા છે. મનુષ્યો સંખ્યાતા જ છે ને સિદ્ધ ભગવંતો તો અનંતાનંત છે. –આ તો એવું થયું કે ભક્તો થોડા.....ને ભગવંતો ઝાઝા!

(૫) (૧) ઋષભદેવ તીર્થંકરનાં પુત્ર ભરતરાજ ચક્રવર્તી હતા. (આ ઉપરાંત ઋષભદેવ ભગવાન પોતે પણ પૂર્વભવમાં, વિદેહક્ષેત્રની પુંડરગીરીનગરીમાં વજ્રસેન તીર્થંકરના પુત્ર, વજ્રનાભિ નામના ચક્રવર્તી થયા હતા. શાંતિનાથ ભગવાન પણ પૂર્વે પાંચમાં ભવે, વિદેહક્ષેત્રના રત્નસંચયપુરમાં ક્ષેમંકર તીર્થંકરના પુત્ર વજ્રયુધ ચક્રવર્તી હતા.

(૨) ભગવાન ઋષભદેવ ફાગણ વદ નોમના દિવસે જન્મ્યા હતા. –ક્યાં? –અયોધ્યામાં; અને તેમણે દીક્ષા પણ ફાગણ વદ નોમના દિવસે લીધી હતી.

(૩) જેમને ૧૦૧ પુત્રો હતા ને બધાય તે ભવે મોક્ષ પામ્યા–એ પણ એના એ ભગવાન!

(૪) એ પણ ભગવાન ઋષભદેવ તીર્થંકર–કે જેમના પુત્રો તેમના ગણધરો થયા. જો કે આવા બીજા પણ દાખલા છે. પણ આપણે તો અહીં ભૂતકાળમાં થઈ ગયેલાની જ વાત છે. ભવિષ્યકાળમાં થવાના હોય તેનો ઉલ્લેખ અત્યારે અહીં નથી કરતા.

(૫) ભગવાન ઋષભદેવને બ્રાહ્મી અને સુંદરી એ બે ઉત્તમ પુત્રીઓ હતી. બંને પુત્રીઓ બાલબ્રહ્મચારી હતી અને અર્જિકા થઈને એકાવતારી થઈને અત્યારે તો મોક્ષમાં બિરાજે છે.

## બાલવિભાગની ચોથી વાત-

(૧) હંમેશાં જિનેન્દ્રદેવનાં દર્શન (૨) તત્ત્વજ્ઞાનનો અભ્યાસ (૩) રાત્રિભોજનનો ત્યાગ.

ઉપરની ત્રણ વાત આપણા બાલવિભાગના ઘણા ખરા સભ્યોએ હોંશથી અપનાવી છે ને તેની ટેવ પાડી છે. જે સભ્યો તેનું પાલન ન કરતા હોય તેઓ જરૂર તેનું પાલન કરે–એવી આશા રાખીએ; તથા તે સભ્યોના મિત્રો પણ તેમને તે માટે પ્રેરણા કરશો. હવે તે ત્રણ ઉપરાંત ચોથી વાત છે–ફિલ્મ જોવાનું બંધ કરવાનું. –આજના ‘સુધરેલા’ જમાનામાં બાલમિત્રોને કદાચ આ સૂચના કઠણ લાગશે, પણ જિનવરના સન્તાન’ ને માટે એ જરાય મુશ્કેલ નથી, –કેમકે ઉત્તમ સંસ્કારો માટે એ અત્યંત જરૂરી છે. આજની ફિલ્મો કોઈપણ જાતના સારા સંસ્કાર આપી શકતી નથી. –જીવનનો અમૂલ્ય સમય એવા કામમાં ગુમાવવો આપણને કેમ પાલવે? મને ખાતરી છે કે બધા સભ્યો હોંશથી આ સૂચના અપનાવીને ફિલ્મો જોવાનું બંધ કરશો. ને બે મહિના પછી તમને તે સંબંધી પૂછાય ત્યારે તમે બધાએ જરૂર બંધ કરેલ હશે. આ વાત અહીં રજૂ કરતાં પહેલાં આપણા કેટલાક સભ્ય બંધુઓને તે સંબંધમાં બે પ્રશ્ન પૂછેલ–કે તમે ફિલ્મ જુઓ છો? –ઘણાએ હા કહી. બીજો પ્રશ્ન પૂછયો–કે તમે તે જોવાનું બંધ કરી શકશો? –તો બધાયે ઉત્સાહથી કહ્યું કે જરૂર! આ રીતે સભ્યોના વિચાર જાણીને આ વાત રજૂ કરેલ છે. ઘરનાં બાળકો જ ‘ફિલ્મ–બંધી’ કરશે એટલે વડીલોને પણ વિચાર કરવો પડશે. સામાન્યપણે તો વડીલો બાળકોને પ્રેરણા આપે, પણ આપણે તો તમારા જીવનનું એવું ઊંચું ઘડતર કરવું છે કે બાલવિભાગના બાળકોના જીવનમાંથી વડીલોને પ્રેરણા લેવી પડે! તમે સૌ ઉત્સાહથી સાથ આપશોને! (ફિલ્મ ન જોવાથી બચતી રકમ જો ઉત્તમકાર્યમાં વપરાય તો દરવર્ષે હજારો રૂા.ની રકમનો કેવો સદુપયોગ થાય? ને વળી પાપને બદલે પુણ્ય થાય.)

### ચારવાત-આત્મધર્મની

૧ આત્માર્થિતાનું પોષણ
૨ સાધર્મીનું વાત્સલ્ય
૩ દેવ–ગુરુ–ધર્મની સેવા
૪ બાળકોમાં ધર્મસંસ્કારનું સીંચન

### ચાર વાત-બાલવિભાગની

૧ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ
૨ હંમેશા જિનેન્દ્રદેવના દર્શન
૩ રાત્રિભોજનનો ત્યાગ
૪ સીનેમા જોવાનું બંધ

**જૈન સ્વાધ્યાય મંદિર : સોનગઢ**
ટેલીફોન નં. ૩૪

➢ **વિહાર કાર્યક્રમ** ગતાંકમાં જણાવ્યા મુજબ છે : પૂ. ગુરુદેવ રાજકોટ પધાર્યા છે ને ત્યાં ફાગણ વદ ૧ સુધી બિરાજશે; ફાગણ વદ બીજે વડાલ અને ગીરનારદર્શન કરીને વદ ત્રીજે પોરબંદર પધારશે. ત્યારબાદ ફા. વદ ૧૨ જેતપુર, ચૈત્ર સુદ ૧ ગોંડલ, ચૈત્ર સુદ ૪ ( બીજી ) વડીઆ, ચૈત્ર સુદ ૮ મોરબી, ચૈ. સુદ ૧૨ વાંકાનેર, ચૈ.વદ ૨ ચોટીલા, ચૈત્ર વદ ૩ થી ૧૩ સુરેન્દ્રનગર–વઢવાણ અને જોરાવરનગર એ ત્રણ ગામ, ચૈત્ર વદ ૧૪ થી વૈ.સુ. ૬ વીંછીયા; વૈ.સુ. ૭–૮ ઉમરાળા અને વૈ.સુ.૯ થી ૧૪ લીંબડી–પુન : સોનગઢ પ્રવેશ : વૈશાખ પૂર્ણિમા તા.૧૨–૫–૬૮. ત્યારબાદ બીજે દિવસે તા.૧૩–૫–૬૮ થી વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ શરૂ થશે.

## આંખમાં અંજન

એક સખીએ બીજી સખીને આંખમાં આંજણ ( કાજલ ) આંજવા કહ્યું. ત્યારે બીજી સખી કહે છે–મારા નયનમાં કૃષ્ણ એવા ઠાંસી ઠાંસીને ભર્યા છે કે તેમાં હવે કયાંય આંજણ આંજવાની જગ્યા નથી. નયનોમાં કૃષ્ણપ્રેમ એવો છલકાય છે કે તેમાં આંજણ સમાય એટલી પણ જગ્યા બાકી રહી નથી.

તેમ ધર્મીની દ્રષ્ટિમાં ચૈતન્ય પ્રેમ એવો ભર્યો છે કે તેમાં હવે બીજો કોઇ રાગનો અંશ પણ સમાય તેમ નથી. ચૈતન્ય પ્રભુના પૂર્ણ પ્રેમમાં રાગને માટે કોઇ અવકાશ જ નથી રહ્યો. એના આત્મામાં ચેતન–રામ વસ્યા છે, તેમાં હવે અન્ય કોઇ ભાવો સમાય તેમ નથી.

**( “અંજન રેખ ન આંખન ભાવે” )**

## સુમેળ

– આ ભરતક્ષેત્રના પહેલા તીર્થંકર અને વિદેહક્ષેત્રના પહેલા તીર્થંકર–
બંનેનું લાંછન ( ચિહ્ન ) એક જ ( વૃષભ ).

– આ ભરતક્ષેત્રના બીજા તીર્થંકર અને વિદેહક્ષેત્રના બીજા તીર્થંકર –
બંનેનું લાંછન એક જ ( હાથી )

– આ ભરતક્ષેત્રના ચોથા તીર્થંકર અને વિદેહક્ષેત્રના ચોથા તીર્થંકર–
બંનેનું લાંછન એક જ ( વાંદરો )

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

## ( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

**પ્રશ્નઃ–** આત્મા પોતાની કઈ શક્તિ વડે અનુભવેલ સંસ્કારો ધારી રાખતો હશે ?
( R.K. JAIN વેડચ–ભરૂચ )

**ઉત્તરઃ–** જ્ઞાનશક્તિવડે; જ્ઞાનમાં એવી તાકાત છે કે ત્રણ કાળનું જાણે; ભૂતકાળમાં કોઈ એવા ખાસ સંસ્કાર હોય તેને ધારી રાખવા ને વર્તમાનમાં તેનું સ્મરણ થવું–એ પ્રકારની ધારણા અને સ્મૃતિની તાકાત મતિજ્ઞાનમાં છે. મતિજ્ઞાનની તાકાત વડે અસંખ્ય વર્ષો પહેલાંના સંસ્કાર પણ સ્મરણમાં આવી શકે છે, પરંતુ–એક વાત ઔર છે કે–મતિજ્ઞાનમાં પૂર્વનું યાદ આવે તેના કરતાં જે મતિજ્ઞાન સ્વસન્મુખ થઈને આત્માને જાણે–તે જ્ઞાનની ખરી મહત્તા છે. ભલે પૂર્વનું ઘણું જાણે–પણ જો સર્વોત્તમ એવી આત્મવસ્તુને ન જાણી તો શું લાભ ?

**પ્રશ્નઃ-** સમ્મેદશિખરજી, ગીરનારજી વગેરે અનેક તીર્થો છે, તે તીર્થોની યાત્રાનો હેતુ શું છે ?
( એક બાલ–યાત્રિક )

**ઉત્તરઃ-** એ તીર્થો એટલે તીર્થંકરાદિ મહાપુરુષો જ્યાં વિચર્યા–તે પવિત્ર ભૂમિ; તીર્થંકરોના ઉત્તમ જીવનનું સ્મરણ થાય, તેમણે સાધેલા મોક્ષમાર્ગનું સ્મરણ થાય ને તેવા માર્ગે જવાની પોતાની ભાવના જાગે–એવો ઉત્તમ હેતુ તીર્થયાત્રામાં છે. તીર્થયાત્રા એ કાંઈ ફરવાનું કે રખડવાનું નથી, પરંતુ તેમાં તો મોક્ષમાર્ગનું સ્મરણ અને તીર્થંકરાદિ પ્રત્યેની ભક્તિ પુષ્ટ થાય છે. ગૃહ–વ્યવહારથી નિવૃત્ત થઈને ધાર્મિક ભાવનાઓ જાગે છે ને તીર્થોમાં અનેક સાધર્મીનો તેમજ કોઈ સંત મહાત્માઓના પણ સત્સંગનો યોગ બની જાય છે. તીર્થયાત્રાના હેતુ બાબત પૂ. ગુરુદેવે હસ્તાક્ષરમાં લખ્યું છે કે– “સ્વાલંબી ઉપયોગરૂપ સ્વરૂપને સાધીને જે ક્ષેત્રથી સિદ્ધ થયા તે જ ક્ષેત્રે સમશ્રેણીએ ઊર્ધ્વ સિદ્ધપણે બિરાજે છે, તેના સ્મરણના કારણરૂપ આ તીર્થો નિમિત્ત છે.”

**પ્રશ્નઃ-** નરકમાં ધર્મ થાય ?

**ઉત્તરઃ-** હા, ત્યાં પણ આત્મભાન કરનાર જીવોને સમ્યગ્દર્શનરૂપ ધર્મ થાય છે; ત્યાંના જીવોની એટલી મર્યાદા છે કે સમ્યગ્દર્શનરૂપ ધર્મ કરી શકે, પણ તેથી આગળ શ્રાવકધર્મ કે મુનિધર્મ ત્યાં હોતો નથી. સમ્યગ્દર્શન પામેલા અસંખ્યજીવો ત્યાં છે–તેમાં કેટલાક જીવો તો એવા છે કે ત્યાંથી નીકળીને મનુષ્યલોકમાં સીધા તીર્થંકર થશે.

# પોપટ અને પીંજરૂં

એક હતો પોપટ.....વનજંગલમાં સ્વાધીનપણે આકાશમાં ઊડનારો તે પોપટ ઘણા વખતથી પીંજરામાં પુરાયો; અને સ્વાધીન જીવન ભૂલીને પીંજરાના જીવનને જ તે પોતાનું જીવન માની બેઠો. તે પોતાની હયાતી ને પોતાનું જીવન પીંજરાથી જ માનવા લાગ્યો....બસ, પીંજરામાં રહેવું, કોઈ ખવડાવે તે ખાવું, કોઈ શીખવે તેમ બોલવું–એટલું જ પોતાનું જીવન લાગ્યું. આ પીંજરૂં નહિ હોય તો મારું શું થશે! પીંજરા વગર હું જાણે રહી જ નહિ શકું–એવી તેને ટેવ પડી ગઈ! અરેરે! પીંજરૂં કે જે ખરેખર પોતાને બંધનરૂપ છે તેને અજ્ઞાનથી તે પોપટે હિતરૂપ માન્યું.....એટલે તે પીંજરાને છોડવા માંગતો નથી. પણ વનના મુક્ત વાતાવરણમાં ઊડતા ને આકાશમાં કિલ્લોલ કરતા પોતાના જાતિભાઇને જોઈને વિચારે કે અરે! આ પીંજરા જેટલું મારું જીવન નહિ, મારું જીવન તો આકાશમાં ઊડતું આવું મુક્ત અને સ્વતંત્ર હોય! પીંજરૂં તો મને બંધનરૂપ છે.–આમ સમજે તો તે પોપટ પીંજરાને છોડીને સ્વતંત્ર જીવનનો આનંદ માણે....તેમ દેહરૂપી પીંજરામાં પુરાયેલો આ જીવરૂપી પોપટ, તે પોતાના સ્વાધીન મુક્ત જીવનને ભૂલીને અજ્ઞાનથી દેહના જીવનને જ પોતાનું જીવન માની બેઠો...શરીરથી જ તે પોતાનું જીવન ને પોતાની હયાતી માનવા લાગ્યો. બસ, જાણે શરીરમાં રહેવું, શરીરને ખવડાવવું, બોલવું–ચાલવું એ જ પોતાનું જીવન હોય, ને શરીર–ખોરાક વગેરે વિના જાણે પોતાનું જીવન ટકી જ નહિ શકે–એમ અજ્ઞાનથી માની બેઠો...એટલે શરીરમાં હિત માનીને તેને કેમ ટકાવવું ને તેની અનુકૂળતા કેમ સાચવવી–એની જ ચિન્તામાં તે રહેવા લાગ્યો. શરીર સરખું નહિ હોય તો મારું શું થશે! શરીર વગર જાણે કે હું રહી જ નહિ શકું–એવી એને ટેવ પડી ગઈ. અરેરે! દેહપીંજરૂં કે જે પોતાને બંધનરૂપ છે તેને અજ્ઞાનથી જીવે હિતરૂપ માન્યું એટલે તેને તે છોડવા માંગતો નથી, –તેમાંથી એકત્વ–બુદ્ધિ છોડતો નથી. –પણ અરે જીવ! મુક્તિના અતીન્દ્રિયઆનંદમય વાતાવરણમાં કિલ્લોલ કરતા અને સિદ્ધાલયમાં વસતા એવા તારા જાતિભાઈઓને જોઈને વિચાર તો ખરો કે અરે! મારું જીવન તો આવું મુક્ત સ્વાધીન હોય. સુખ માટે બાહ્ય પદાર્થોની લાચારી કરવી પડે એવું પરાધીનજીવન મારું ન હોય. નિર્વિકલ્પ સ્વાનુભૂતિના અતીન્દ્રિયગગનમાં નીરાલંબીપણે ઊડનારો, ને આનંદની મોજ કરનારો હું છું. –આમ સિદ્ધસમાન નિજસ્વરૂપને ઓળખીને જીવ દેહપીંજરાની મમતા છોડી, દેહથી ભિન્ન ચિદાનંદસ્વરૂપે પોતાને અનુભવતો થકો, મુક્તજીવનની મોજ માણતો, નીરાલંબીગગનમાં ગમન કરતો સિદ્ધાલયમાં ઊડે છે.

## બાલવિભાગ-નવા સભ્યો

૨૦૨૫ સુધીરકુમાર છબીલદાસ જૈન સુરત
૨૦૨૬ હરીશકુમાર નરભેરામ જૈન જામનગર
૨૦૨૭ સુલોચનાબેન ડાહ્યાલાલ જૈન જાંબુડી
૨૦૨૮ એલ.બી. જૈન મુંબઇ-૭૧
૨૦૨૯ જયકુમાર મદનમોહન જૈન મુંબઈ-૨૮
૨૦૩૦ હસમુખલાલ ડાયાલાલ જૈન સાબલી

## પ્રશ્નોના જવાબ મોકલનાર સભ્યોના નંબર

૧૩૯, ૧૪૦ ૩૮૪ ૩૮૫ ૨૧૫ ૧૧૫ ૩૩૩ ૩૩૪ ૩૩૫ ૩૩૬ ૧૩૮૨ ૪૩૧ ૪૩૨ ૮૦ ૨૧૮ ૯૩૮ ૨૪૩ ૨૪૬ ૭૯ H. D. જૈન ૧૯૯૫ ૧૯૯૬ ૧૯૯૭.

## સૌથી સસ્તું....અને છતાં સૌથી ઉત્તમ!

તમે જાણો છો.....જૈનસમાજમાં એ કઈ વસ્તુ છે કે જે
સૌથી સસ્તી છતાં સૌથી ઊંચી છે ?
અરે, તે તમારા હાથમાં જ હોવા છતાં કેમ વિચારમાં પડી ગયા?
આપણું આ ‘આત્મધર્મ’ માસિક, –જૈનસમાજમાં કેટલાય પત્રો પ્રકાશીત થાય છે
તેમાં સૌથી સસ્તું છે...અને સૌથી ઉત્તમ તો છે જ.

આત્મધર્મનું લવાજમ ચાર રૂપિયા–એ બધા પત્રોના લવાજમમાં ઓછામાં ઓછું છે અને તે તમને જે અધ્યાત્મસાહિત્ય આપે છે તે સૌથી ઊંચામાં ઊંચું છે. નાનાં બાળકોને પણ તે ઉત્તમ સંસ્કાર આપે છે.

–તો પછી તે કોણ ન મંગાવે ?

લખો : **જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ (સૌરાષ્ટ્ર)**

## છ રૂપિયામાં પચાસ તીર્થોની યાત્રા

તમારે આખા ઘરને માત્ર છ રૂપિયામાં ભારતના સુપ્રસિદ્ધ પચાસ જેટલા તીર્થોની યાત્રાનો આનંદ લેવો છે?

–હા!

તો “મંગલ તીર્થયાત્રા” પુસ્તક વાંચો...અને ઘેર બેઠાં સમ્મેદશિખર, રાજગૃહી વગેરે પવિત્ર તીર્થોની ભાવભીની યાત્રાનો આનંદ અનુભવો...સાથે સાથે એ તીર્થોના સેંકડો પાવન દ્રશ્યોના પણ આપને દર્શન થશે, ને યાત્રાપ્રસંગમાં સન્તોના ભક્તિભર્યા ઉદ્ગારો ને ભાવનાઓ પણ જાણી શકાશે.


**કિંમત છ રૂપિયા (રજિસ્ટર-પોસ્ટેજના સવા બે રૂા. વધુ)**
**પુસ્તક માટે લખો : જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ (સૌરાષ્ટ્ર)**




ચિત્ર–પરિચય ગતાંકમાં બે ચિત્રો આપેલા; તેમાં એક ચિત્રમાં પૂ. ગુરુદેવ પાસે બેઠેલા વાઘનું દ્રશ્ય હતું. સં. ૨૦૨૦ માં પૂ. ગુરુદેવ જ્યારે પોન્નૂર વગેરે દક્ષિણભારતના તીર્થોની યાત્રાએ પધાર્યા ત્યારે હૈદરાબાદ શહેરમાં પ્રાણીસંગ્રહની મુલાકાતનું એ દ્રશ્ય છે.– એ તો થઈ વાઘની વાત. હવે અહીં ગુરુદેવ પાસે બેઠેલા એક સિંહનું દ્રશ્ય છે...તમે ઓળખી શકશો–એ કયાંનું દ્રશ્ય છે? ધ્યાન રાખજો કે એશિયાભરમાં સિંહ ફક્ત સૌરાષ્ટ્રમાં જ છે, અને છતાં આ દ્રશ્ય સૌરાષ્ટ્રનું નથી.

ગતાંકના બીજા ચિત્રમાં પચીસ જેટલા પોલીસની ટૂકડી વચ્ચે ગુરુદેવ ઊભેલા છે, ને પોલીસો ભરીબંદૂક ઊંચી કરીને સલામી આપી રહ્યા છે, તે દ્રશ્ય દેવગઢના પર્વત ઉપરનું છે. સં. ૨૦૧૫ ની યાત્રા વખતે મધ્યપ્રદેશમાં બુંદેલખંડમાં દેવસિંહ વગેરે બહારવટીયાઓનો ઘણો ભય હતો, તેથી જ્યારે આપણો સંઘ લલિતપુરથી દેવગઢ તરફ જતો હતો ત્યારે ત્યાંની રાજ્યસરકારે યાત્રા–સંઘની રક્ષા માટે પોલીસપાર્ટીનો ખાસ બંદોબસ્ત કરેલો. પ્રવાસ વખતે દરેક બસમાં ભરી બંદૂકે ત્રણચાર પોલીસો સાથે રહેતા. જ્યારે દેવગઢની યાત્રા પૂરી થઈ ત્યારે ગુરુદેવનો મહાન પુણ્યપ્રભાવ દેખીને દેવગઢ–પર્વત ઉપરના ચોકમાં પોલીસ અમલદારોએ સલામતી દ્વારા જે બહુમાન વ્યક્ત કર્યું તેનું આ દ્રશ્ય છે. દેવગઢ એટલે દેવોનો ગઢ–કે જ્યાં પ્રાચીન કળાથી સુશોભિત હજારો–લાખોની સંખ્યામાં જિનપ્રતિમાઓ બિરાજી રહ્યા છે. અહીંને માટે એવી કહેવત છે કે, તમે ચોખાની ગુણી ભરીને લઈ જાઓ ને અહીંની દરેક પ્રતિમા પાસે ચોખાનો એકેક દાણો મુકો તોપણ તે ચોખા પૂરા ન થાય–એટલી પ્રતિમાઓ અહીં છે. એ દેવગઢના દેવદરબારનું એક મજાનું દ્રશ્ય આવતા અંકમાં આપીશું.


સોનગઢમાં વિદ્યાર્થીઓ માટેનો જૈનદર્શન શિક્ષણ વર્ગ વૈશાખ વદ ૧ તા.૧૩–૫–૬૮ થી શરૂ થઈને ૨૦ દિવસ ચાલશે.




( ૧ ) આપણા ભારતદેશની એક ઉત્તમ નગરીનું આ દશ્ય છે.
તમે ઓળખી શકશો–એ કઈ નગરી છે ?




( ૨ ) આ હસ્તાક્ષર કોણે લખ્યા ? ને ક્યારે લખ્યા ?



( ૩ ) આ જિનમંદિર કયા તીર્થધામમાં છે ?
તેમાં કયા કયા ભગવાન બિરાજે છે ?



( ૪ ) આ ગાડું ક્યાં જાય છે ?
તેમાં કોણ બેઠું છે ?



**મારા નેમપ્રભુ ગિરનારી ચાલ્યા....**




**ગિરનારી મૈં ભી જાઉંગી....મૈં પ્રભુકી રાહ અપનાઉંગી**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( પ્રત:૨૫૦૦ )